**સુવિચાર**

કરણી તેવી પાર ઉતરણી એટલે જેવું તમે કરશો તેવું પામશો. વેંત નમીએ તો સામો માણસ હાથ નમે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૩/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૦૬૮


## ભાજપની રાષ્ટ્રવાદી અને વિકાસલક્ષી રાજનીતિથી પ્રભાવિત થયા

# ઓપરેશન લોટસ : સેંકડો કોંગી આગેવાનોએ કેસરીયો ધારણ કર્યો

**ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ ૪૦ આગેવાનોને ભાજપમાં આવકારીને કેસરીયો ધારણ કરાવ્યો**

**લોકસભાની ચૂંટણી ડોકીયા કરતી હોય તેવા સમયે કોંગ્રેસ પક્ષમાં સન્નાટો**

**જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતનાં અનેક કુટુંબીજનો ભાજપમાં જોડાતા ભારે ચકચાર મચી**

**પૂર્વ સાંસદ ઠુંમર, પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી સહિતનાં નેતાઓ માટે હાઈકમાન્ડને જવાબ દેવો મુશ્કેલ**



અમરેલી, તા. ૧
કોંગ્રેસના પરિવારવાદને દિશાવિહિન રાજનિતીથી પરેશાન અમરેલી જીલ્લા કોંગ્રેસ પક્ષના અસંખ્ય કાર્યકરો ભાજપની રાષ્ટ્રવાદી અને વિકાસલક્ષી રાજનિતીથી પ્રભાવિત બનીને સામુહિક કેસરીયા ધારણ કરતા અમરેલી જીલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.
અમરેલી ખાતે આજરોજ રાષ્ટ્રિય સહકારી અગ્રણી દિલીપ સંઘાણીના માર્ગદર્શન તળે જીલ્લાના પીઢ કોંગ્રેસી આગેવાન દલસુખભાઈ દુધાત-ઉપપ્રમુખ તાલુકા સંઘ અમરેલી, રવજીભાઈ ગઢીયા પૂર્વ સરપંચ-પૂર્વ પ્રમુખ સરંભડા સેવા સ.મં.લી., માવજીભાઈ બાજરીયા-પૂર્વ સદસ્ય ગ્રામ પંચાયત સરંભડા, કાળુભાઈ દોંગા-પૂર્વ ઉપ સરપંચ સરંભડા, ભરતભાઈ વોરા, પ્રકાશભાઈ દોંગા, રવજીભાઈ નસીત, ભરતભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ''અમરેલી એકસપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થયો અને તંત્રએ આળશ મરડી


# અમરેલી-સાવરકુંડલા માર્ગ વચ્ચે આડેધડ બનાવાયેલ સ્પીડ બ્રેકરને હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી

**વાહનચાલકો અને ગામજનોની માંગ પૂર્ણ કરવામાં આવતા હાશકારો**

અમરેલી, તા. ૧
અમરેલી-સાવરકુંડલા માર્ગ પર સમસ્યારૂપી સ્પીડ બ્રેકરને દૂર કરવા અંગે ''અમરેલી એકસપ્રેસ''માં આજરોજ અહેવાલ પ્રસિધ્ધ થતાં જ નેશનલ હાઈવે ઓથોરીટીએ યુધ્ધનાં ધોરણે સ્પીડ બ્રેકર હટાવવાની કામગીરી શરૂ કરેલ છે.
અમરેલી નેશનલ હાઈવે નંબર ૩૫૧ ઉપર ચરખડીયા ગામથી સાવરકુંડલા તરફ એક કિલોમીટરના

અનુસંધાન પાના ૬ ઉપર




તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.

Terms & Conditions
- મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
- 2 ઓફર એક સાથે માન્ય નથી.
- ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
- કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.

Location
શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954


### વધુ રાત્રિ અકસ્માતની ઘટનામાં માતા-દીકરો પડી ગયા

# અમરેલી-સાવરકુંડલા માર્ગ વચ્ચે આડેધડ બનાવાયેલ સ્પીડ બ્રેકર કોઈકનો ભોગ લે તે પહેલા દૂર કરવા માંગ

**માર્ગ મકાન વિભાગનાં ભ્રષ્ટ બાબુઓને સ્પીડબ્રેકર હટાવવામાં કોઈ રસ નથી**


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**55,500/-** (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧/૦૩/૨૦૨૪ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### એક મહિલા સાથે વાતચીત કરવા બાબતે

# રાજુલાનાં યોગી એપાર્ટમેન્ટમાં વેપારી ઉપર કડીયાળીનાં ઈસમે કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧

રાજુલા ગામે યોગી એપાર્ટમેન્ટમાં રહેતા સંજયભાઈ કાનજીભાઈ ચૌહાણ નામનાં વેપારી ગત તા. ૨૮ના રોજ રાત્રે પોતાનો ફલેટ જોવા ગયેલ હતા અને ફલેટ જોઈને પોતાના ફલેટના નીચેના માળે પોતાના મિત્રનું કામ હોય અને ફલેટ બહાર તેમના મિત્રના પત્નિ ઉભા હોય. એટલામાં કડીયાળી ગામે રહેતા આરોપી ભદ્રેશભાઈ ગૌસ્વામીએ આવી વેપારીને કહેવા લાગેલ કે તારે અહિ નહી આવવાનું અને વેપારીએ તેને કહેલ કે ધારાબેનના પતિ મનોજભાઈ મારા મિત્ર છે અને મારો ફલેટ આ એપાર્ટમેન્ટમાં છે એટલે હું અહિ આવીશ જ. એમ કહેતા આરોપીને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ ઉગ્ર થઈને વેપારીને ગાળો આપી અને જમણી આંખના નેણ ઉપર તેમજ કપાળ ઉપર તેમજ માથાના ભાગે ઉપરા ઉપરી છરીના ત્રણ ઘા મારી ઈજાઓ કરી કુલ તેર ટાંકા લાવી તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### બનાવટી દસ્તાવેજો રજૂ કરીને એકિસસ બેન્કનું કરી નાખ્યું

# અમરેલી, બાબરા, દામનગર, ભૂરખીયા, આંબરડી સહિતનાં ગામોનાં ૧૯ ઈસમોએ રૂપિયા ૧.૫૬ કરોડની છેતરપીંડી કરી

### બેન્કનાં અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ

અમરેલી, તા. ૧

દામનગર ગામે રહેતા કલ્પેશભાઈ બાલાભાઈ સોલંકી (રેહ. દામનગર), અલ્પેશભાઈ જીતેન્દ્રભાઈ મજેઠીયા (રહે. અમરેલી), કેતનભાઈ મધુભાઈ રાઠોડ (રહે. બાબરા), હિંમતસીંગ નંદલાલ ડામોર (રહે. ભુરખીયા), કિશન ભરતભાઈ ગોહિલ (રહે. આંબરડી) વાળા સહિત ૧૯ આરોપી તથા તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ પર્સનલ લોન મેળવવા માટે કાવતરૂ ઘડી અમરેલી ખાતે આવેલ એક્સિસ બેંકની લોન સેન્ટરમાં પર્સનલ લોન મેળવવા માટે ખોટા દસ્તાવેજો બનાવી આરોપીઓએ તે દસ્તાવેજો ખોટા હોવાનુ પોતે જાણતા હોવા છતાં તે ખોટા દસ્તાવેજો ખરા તરીકે રજુ કરી બેંક સાથે ઠગાઈ કરવાના ઈરાદે વિસઘાત કરી તેઓ લેખીતમાં લોન ભરશે તેવી પ્રોમેસરી નોટ આપી પોતે એક્સિસ બેંકનુ હિત જાળવવા બંધાયેલ હોવા છતાં આરોપીઓએ પોતાનો આર્થીક ફાયદો મેળવવા સારૂ એ જે લોન ફકત નોકરીયાતને મળે તેવુ જાણવા છતાં ખોટી રીતે ઠગાઈ કરી રૂપિયા ૧,૭૨,૪૫,૦૦૦ ની લોન મેળવી તથા રૂપિયા ૨૦,૦૦,૦૦૦ની લોન મેળવવાનો પ્રયાસ કરી એક્સિસ બેંક સાથે આજદિન સુધીમાં રૂપિયા ૧,૫૬,૭૮,૪૦૧ ની છેતરપીડી વિસઘાત કર્યાની ફરિયાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં બેન્કના અધિકારી મોહંમદ ઈમ્તિયાઝ મોહંમદ જમીલ મુનશીએ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### ટીએમસીનાં નેતાનાં કારસ્તાન સામે રોષની આંધી

# અમરેલી જિલ્લા ભાજપે બંગાળનાં સંદેશખાલીમાં બનેલ ઘટનાનાં વિરોધમાં પ્રદર્શન કર્યુ

### મેહુલભાઈ ધરજીયા, ભાવેશ સોઢા સહિતનાં આગેવાનો દ્વારા થયો વિરોધ



અમરેલી, તા. ૧

પશ્ચિમ બંગળનાં સંદેશખાલીમાં તૃણમૂલ કોંગ્રેસનાં નેતા અનેસરકારનામંત્રીએવાશાહજહાંશેખ ધ્વારાતેનોહોદોઅનેસત્તાનોદુરૂપયોગ કરીનેત્યાંનીમહિલાઓઉપરઅઘટીત અત્યાચાર અને શોષણ કરવામાં આવ્યું હતુંઅનેત્યાંનીપ્રજાનીજમીનોદાદાગીરી અને ગુંડાગીરીથી પડાવી લઈ શોષણ કરવામાં આવ્યું હતું. પશ્ચિમ બંગળાનાં મુખ્યમંત્રીએ આવા આરોપીને છાવરી અને મહિલાઓ ઉપર થતાં આ અત્યાચારનીઘટનાઓઉપરઆંખઆડા કાના કર્યા હતા. આમ મહિલા મુખ્યમંત્રીનારાજમાંપશ્ચિમબંગાળમાં મહિલાઓ ઉપર થયેલ અત્યાચારનાં વિરોધમાંઅમરેલીજિલ્લાભાજપઅને મહિલા મોર્ચા ધ્વારા અમરેલીમાં રાજકમલચોકઉપરએકવિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આવિરોધપ્રદર્શનમાંપ્રદેશ મહિલા મોર્ચાનાં મંત્રી ભાવનાબેન ગોંડલીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ભૂપેન્દ્રભાઈ બસીયા, જિલ્લા મોર્ચાનાં પ્રમુખ રંજનબેન ગોહિલ, જિલ્લા ભાજપ મંત્રી રેખાબેન માવદીયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ અલ્કાબેન ગોંડલીયા, અમરેલી તાલુકા મહિલા મોર્ચા પ્રમુખ રંજનબેન બાબરીયા, મહામંત્રી મહિલા મોર્ચા ગીતાબેન વાઘ, બગસરા તાલુકા મહિલા મોર્ચા પ્રમુખ વીણાબેન સરવૈયા, મંડલ પ્રમુખો ઘનશ્યામભાઈ ત્રાપસીયા, ગોપાલભાઈ અંટાળા, ભાવેશભાઈ સોઢા, ઉષાબેન અનુસયાબેન શેઠ સહિતનાં મહિલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

### આરીફશા ગુલાબશા રફાઈ ઉપર હુમલો

# સાવરકુંડલામાં થયેલ પોલીસ ફરિયાદમાં સમાધાન કરવાની ના પાડનાર ઉપર હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧

સાવરકુંડલાના મણીનગર હાફીસાબાપુની ઓરડી પાસે રહેતા આરીફશા ગુલાબશા રફાઈ નામનાં ૩૨ વર્ષિય યુવકે તે જ ગામે રહેતા આરોપી અસ્લમશા હાજીશા રફાઈના સાળા અશરફભાઈ રજાકભાઈ શેખ વિરૂધ્ધ અગાઉ બળાત્કારની ફરિયાદ કરેલ હોય. જે બાબતે આરોપીએ યુવકને સમાધાન કરી નાખવાનુ કહેલ અને યુવકે સમાધાન કરવાની ના પાડતા આરોપીએ યુવકને ગાળો આપી, લાકડી વડે માર મારી શરીરે મુંઢ ઈજા પહોંચાડી તથા જમણા પગના નળાના ભાગે લોહી નીકાળી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા સાહેદને પણ આરોપીએ લાકડી વડે માર મારી શરીરે મુંઢ ઈજા પહોંચાડયા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### સમગ્ર ઈન્દ્રોડિયા પરિવાર દ્વારા આયોજિત

# રાજકોટનાં રફાળા ખાતે જક્ષણી માતાજી અને મહાકાળી માતાજીનાં મઢની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

### મુખ્ય મંદિર સાદરાથી અખંડ જયોત લાવવામાં આવી

બાબરા, તા. ૧

રાજકોટ જિલ્લાના રફાળા મુકામે આવેલ સમગ્ર ઈન્દ્રોડિયા પરિવાર કુળદેવી શ્રી જક્ષણી માતાજી અને મહાકાળી માતાજીના પ્રાચીન મઢ મંદિર દેવસ્થાનના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન તા. ૩/૩/૨૪ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

કુળદેવી માતાજી પ્રાણ પ્રતિષ્ઠા સેવા સમિતિના નેજા હેઠળ ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે અને કુળદેવી શ્રી જક્ષણી માતાજીના મુખ્ય મંદિર સાદરા મુકામેથી અખંડ જયોત પણ મોકલવામાં આવી હતી. જેમાં રાજકોટ, અમદાવાદના ઈન્દ્રોડિયા પરિવાર ભાઈઓ જોડાયા હતા.



તા. ૨/૩/૨૪ને શનિવારના રોજ સવારે પૂર્વ પૂજન, જલયાત્રા તેમજ રવિવારના રોજ યજ્ઞ અને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા સવારે આઠ કલાકે અને બપોરે ૧૨ કલાકે બીડું હોમ અને મહાઆરતી તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે.

રફાળા મુકામે કુળદેવી માતાજીના મઢના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં વસતા સમસ્ત ઈન્દ્રોડિયા પરિવાર ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થશે.

# દામનગરમાં જૈનવાડી પાસેનું બેહુ નાળુ સમસ્યા સર્જતુ હોય ભુંગળાવાળુ નાળુ બનાવો

દામનગર, તા. ૧

પરિવર્તન સંસારનો નિયમ છે.વર્ષો પહેલા દામનગરમાં જૈન વાડી પાસે મુખ્ય એકજ શાકભાજી માર્કેટ(બકાલા બજાર) હતી.તે હવે ભૂતકાળ બની ગઈ છે.અહીંયા જૈન વાડી પાસે ખુબજ જૂનું પાણીના નિકાલ માટે જે નાળુ હતું,તેને દૂર કરી આ જગ્યા પર ભૂંગળા વાળું નાળુ કરવાને બદલે બેઠું નાળુ બનાવતા,કેટલાય વિસ્તારમાંથી વરસાદી પાણીના નિકાલનો આ જ રસ્તો હોય,ગત ચોમાસામાં પાણીના નિકાલની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી. દરેકને ખબર છે કે આ જગ્યા ઉપર ભૂંગળા વાળું નાળુ બનાવવું જોઈએ તેને બદલે ,શું




ઈરાદાપૂર્વક બેઠું નાળુ કેમ બનાવ્યું..!!? જો આવતા ચોમાસા પહેલા આ જગ્યા પર મોટા ભૂંગળા ગોઠવીને નાળુ નહિ બનાવવામાં આવે તો પરેશાની ભોગવવી પડશે, રહીશો, રાહદારીઓ, વાહન ચાલકો અનેવેપારી મિત્રોને, તાકીદે નગરપાલિકા સત્તાવાળા ઠરાવ કરી યોગ્ય કામગીરી કરે એવીમાંગ ઉઠી છે.

# રાજુલાનાં સેવાભાવી યોગેશભાઈ કાનાબારનો આજે જન્મદિવસ

રાજુલા, તા. ૧

રાજુલા શહેર માં જેને લોકો સતત ૩૦ વર્ષ થી રાજુલા તાલુકા નહિં સમગ્ર અમરેલી જિલ્લા માં લોકો ૧૦૮ થી ઓળખે છે કોરોના કાળ પોતાની કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર જેમને કોરોનાના અનેક દર્દીઓની કપરી કામગીરી કરી છે જે રાજુલા તાલુકા માં સતત ૩૦ વર્ષ થી પણ વધારે સમય થી એમ્બ્યુલન્સ માં પોતાની વિશેષ સેવા નહિ નફો નહિ નુકસાન સાથે સેવા આપે છે દર્દી દેવો ભવ એજ એમનો મુખ્ય ઉદ્દેશ કોરાના સમયમાં કમાણી નહિ કરવાની અને સેવા કરવાની ઉમદા ભાવના ધરાવતા એવા સમયે પોતાની એમ્બ્યુલન્સને દર્દીઓની સેવા માટે રાજુલા સરકારી હોસ્પિટલમાં આપેલી સાથે સાથે રાજુલા શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી કાનાબાર ન્યુઝ ચેનલ ના તંત્રી પદે કામ કરી રહ્યા છે.

રાજુલા તાલુકાના ના પ્રાણ પ્રશ્નો અને નગરજનોને પડતી મુશ્કેલીઓ ને વાંચા આપવા માટે તેમની ફરિયાદો સરકાર સુધી પહોંચાડવાનું કાર્ય અને સરકારની તમામ યોજનાઓ સરકારી કામો



પ્રજા સુધી પહોંચાડવાનું કામ કરતા તેમજ રાજુલા શહેરમાં છેલ્લા સાત વર્ષથી સોશિયલ મીડિયાના માર્કેટિંગમાં પણ આગવું નામ ધરાવતા રાજુલા શહેરમાં અડધી રાતનો હોંકારો કહેવાતા એવા આ યોગેશભાઈ કાનાબારનો આજે જન્મદિવસ હોય અને જે ૫૪ વર્ષ પૂરા કરીને ૫૫ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોય ત્યારે તેમના મિત્રો વર્તુળો વેપારીઓ સગા સંબંધીઓ રાજકીય કાર્યકરો તેમજ પત્રકાર મિત્રો તેમજ રાજુલા શહેરના વિવિધ સંસ્થાના આગેવાનો સહિતના આ લોકો તેમને તેમના મોબાઈલ પર ૯૮૨૪૮ ૬૧૪૧૪ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# સાવરકુંડલા : સુન્ની મુસ્લિમ જમાત અને સિપાહી જમાતનાં હોદ્દેદારોની વરણી

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા મુસ્લિમ સિપાહી જમાતની કારોબારીની એક મીટીંગ મુસ્લિમ સિપાહી જમાતના પ્રમુખ હાજી દિલાવરભાઈ ભટ્ટીના અધ્યક્ષ સ્થાને એક અગત્યની મીટીંગ મળી હતી. જેમાં સિપાહી સમાજના વિકાસ, પ્રગતિ અને સિપાહી સમાજના હિત માટે ઊંડાણપૂર્વક વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વિચારણા વિમર્શ કર્યા બાદ સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાત ઉપપ્રમુખ પદે નાસિરભાઈ ચૌહાણે આપેલા રાજીનામાંથી ખાલ્લી પડેલ જગ્યાએ તેમજ સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી જાહિદભાઈ જાદવે પણ આપેલા રાજીનામા તેમની જગ્યા ઉપર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ, ઉપપ્રમુખ, નવા હોદેદારોની નિયુકિત કરવાનું સર્વાનુમતે વરણી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જેમાં સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ તરીકે વસીમભાઈ યુનુસભાઈ મલેક અને ઉપપ્રમુખ તરીકે નીડર, નિષ્ઠાવાન અને અનુભવી પત્રકાર ઈકબાલ ગોરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ વસીમભાઈ મલેક ઉપપ્રમુખ ઈકબાલ ગોરીની વરણીથી મુસ્લિમ સમાજમાં ખુશીની લહેર ફેલાઈ હતી



તેમજ મુસ્લિમ સિપાહી જમાતના ઉપપ્રમુખ પદે એડવોકેટ જુબેરભાઈ ચૌહાણ, બીજા ઉપપ્રમુખ તરીકે હાજી જાહિદભાઈ જાદવની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. તેમજ સિપાહી જમાતમાં નિવૃત એએસઆઈ યુસુફભાઈ કુરેશી, નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ યુનુસભાઈ જાદવ, પત્રકાર ફારૂકભાઈ કાદરી, અક્રમભાઈ પઠાણ, તોફિકભાઈ કુરેશી, રાજેશભાઈ ચૌહાણ, સિપાહી જમાતમાં સભ્ય તરીકે વરણી કરેલ હતી.

આ સિપાહી જમાતની મીટીંગનું સુંદર મજાનું સંચાલન સિપાહી જમાતના સેક્રેટરી અયુબભાઈ ચૌહાણે કરેલ હતી.

### દર્દીનારાયણની સારવાર અર્થે સુંદર કાર્ય

# ટીંબી : સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને રૂપિયા પાંચ લાખનું અનુદાન

### દાતાઓનું ટ્રસ્ટી દ્વારા સન્માન કરવામાં આવ્યું

ટીંબી, તા. ૧

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી. ભાવનગર)માં ઢસા ગામનાં વતની અમેરીકા સ્થિત બાલુભાઈ મોહનભાઈ રાજપરા અને તેમનાં પુત્ર વિનુભાઈ રાજપરા અને સ્વ. કડવીબા રાજપરાની કાયમી સ્મૃતિમાં દર્દી નારાયણ સારવાર અર્થે સહભાગી થવાનાં શુભાશયથી રૂપિયા પાંચ લાખ પાંચ હજાર પુરાનું અનુદાન અર્પણ કરવામાં આવેલ છે. તેઓનું હોસ્પિટલનાં ઉપપ્રમુખ બી.એલ. રાજપરા અને સુપ્રીટેન્ડન્ટ ડો. જયેશ પટેલ દ્વારા હોસ્પિટલના પ્રણેતા



સદગુરૂદેવ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં ' જીવનચરિતામૃત' ગ્રંથ, મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટી મંડળ વતી દાતા તથા તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

# અમરેલીના એસ.પી. દ્વારા ડુંગરનાં પીએસઆઈનું શ્રેષ્ઠ કામગીરી બદલ



અમરેલી, તા. ૧

રાજુલાના ડુંગર ગામે આવેલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદો આવતાની સાથે જ લોકોને પડતી મુશ્કેલીઓનું તાત્કાલીક ધોરણે નિવારણ લાવી, લોકોની સુખાકારી માટે હંમેશા તાત્કાલિક નિવારણ લાવનાર પી.એસ.આઈ. કે.જી. મૈયાને પોલીસ અધિક્ષક અમરેલી હિમકર સિંહ દ્વારા ૨૦૨૪ વર્ષ દરમિયાન પોલીસ વિભાગમાં ખૂન, લુંટ, ચોરી, ઘરફોડ ચોરી, અપહરણ, બળાત્કાર, જેવાં ગંભીર ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની સારી અને ઉત્તમ કામગીરી કરવા બદલ ડુંગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજવતાં પીએસઆઈ કે.જી. મૈયા ને પ્રશંસાપત્ર પાઠવીને કામગીરી બિરદાવવામાં આવી તેમજ ભવિષ્યમાં પણ સારી કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપીને ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

હેપ્પી બર્થ–ડે...

અમરેલીની ઝીલબાબેનનો આજે જન્મદિવસ હોય

પપ્પા : રવિરાજસિંહ ખેર

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી–અમરેલી

મમ્મી : રાધિકાબા બેન

દાદા : ભરતસિંહ કેશુભા ખેર

દાદી : લાભુબા બેન,

બેન : દિવ્યાબા, તન્વીબા, દષ્ટિબા,

ભાઈ : હેતરાજસિંહ 'ખેર પરિવાર'તરફથી

ઝીલબાબેન 'દીદી'ને જન્મદિનની ખુબ–ખુબ શુભેચ્છાઓ...



ચિ. ઝીલબાબેન

## અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતાની વિકાસની ટ્રેનમાંથી બાદબાકી

# અમે તો સરકારો બદલાવીને થાકયા છતાં વિકાસનાં ફળ ચાખવા મળતા નથી

**ભાજપને વિજેતા બનાવો કે કોંગ્રેસને જિલ્લાની ધરતી કે જનતા કે વિકાસનો લાભ મળતો નથી તે હકીકત છે**

**જિલ્લામાંથી છેલ્લા ૫૦ વર્ષમાં હજારો પરિવારોનું સ્થળાંતર થયું છતાં કોઈ રાજકીય પક્ષને ચિંતા નથી**

**પક્ષ અને નેતાને બદલાવીને થાકેલ જનતા હવે તેમની જન્મભૂમિ બદલવા મજબૂર બની**

**આગામી ૯૦ દિવસમાં અમરેલીને નવા કોઈ વ્યકિત સાંસદ તરીકે મળશે તેઓ વિકાસ કરશે કે કેમ તે જોવું રહ્યું**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતાએ છેલ્લા ૫૦ વર્ષમાં અનેક પક્ષોની સરકારો બનાવી અનેક ધારાસભ્યો અને સાંસદો બનાવ્યા અને જનતા જનાર્દનને વિકાસનાં કોઈ ફળ ચાખવા ન મળતાં સતત સ્થળાંતર કરવા મજબૂર બની રહી છે.

અમરેલી જિલ્લાની સ્થાપના થયાનાં શરૂઆતનાં વર્ષોમાં રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીનાં પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતાએ જિલ્લા મથક બનાવીને સિવિલ હોસ્પિટલ, આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ, ખોડિયાર જળાશય સહિતની સુવિધાઓ આપી અને તેઓની વિદાય બાદ અમરેલી જિલ્લામાં શરૂ થયેલ વિકાસની ગાડીને બ્રેક લાગી તે લાગી.

સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ સંત, સુરા અને કવિઓની જન્મભૂમિ અમરેલી જિલ્લામાં આજે દરિયાકાંઠા વિસ્તારને બાદ કરતાં અન્ય વિસ્તારમાં કયાંય ઉદ્યોગોનો ધમધમાટ નથી, સરકારી શાળા–કોલેજો ક્રમશઃ બંધ થઈ રહી છે. સરકાર ધ્વારા શ્રેષ્ઠ કક્ષાની આરોગ્ય સુવિધા અપાતી નથી, બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવેની સુવિધા નથી.

અમરેલી જિલ્લાની મોટાભાગની જનતાની આજીવીકા ખેતી અને હીરા આધારીત છે. હીરા ઉદ્યોગમાં ભયાનક મંદીનો માહોલ જોવા મળે છે, ખેતી ઉદ્યોગ મરણ પથારીએ પડયો છે. બંને ક્ષેત્રો માટે કોઈ પ્રોત્સાહક નીતિ જ અમલમાં આવતી નથી.

જિલ્લાનું યુવા ધન ઉચ્ચ શિક્ષણ અને રોજગારી મેળવવા અન્ય મહાનગરો તરફ જવા મજબૂર બન્યું છે. પીવા, સિંચાઈ માટે પાણીની યોગ્ય વ્યવસ્થા નથી. ગીરકાંઠાનાં વિસ્તારમાં રાનીપશુઓ અને નીલગાયની સમસ્યા વિકરાળ બની છે તો શહેરી વિસ્તારમાં બેફામ ગંદકી, ટ્રાફિક, રખડતા પશુઓ જેવી સમસ્યાઓનું કોઈ નિરાકરણ જોવા મળતું નથી.

અમરેલીને આગામી ૯૦ દિવસ બાદ નવા કોઈ વ્યકિત સાંસદ તરીકે મળશે ત્યારે તેઓ અમરેલીની જનતાની ૫૦ વર્ષોની વિકાસની ભૂખ ભાંગશે કે કેમ તે જોવું રહેશે.

### નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા

## વાવડી રોડથી બાદનપૂર અને ખડખડથી ખજૂરી પીપળીયાનાં રોડનું ખાતમુર્હત

**ગ્રામીણ વિસ્તારનાં રસ્તાઓના કામ શરૂ કરાતા લોકોમાં ખૂશીનો માહોલ**

વડીયા, તા. ૧

અમરેલી જિલ્લાના છેવાડાના ગ્રામીણ તાલુકા વડિયા કુંકાવાવમાં ગ્રામીણ વિસ્તાર ને જોડતા રસ્તાઓ બિસ્માર બનતા સ્થાનિક લોકોની રજુઆત થી નાયબ મુખ્ય દંડક એવા સ્થાનિક ધારાસભ્ય કૌશિક વેકરીયાને રજુઆત કરતા તેમના દ્વારા સરકાર માં રજુઆત કરી ખડખડ થી ખજૂરી પીપળીયા અને વાવડી રોડ થી બાદનપૂર સુધીના રસ્તાઓ મંજુર થતા તેમનું ખાતમુર્હત નાયબ મુખ્યદંડક કૌશિક વેકરીયા દ્વારા કરાયું હતુ. આ રસ્તાઓ બનતાની સાથે તાલુકા મથક એવા વડિયા આવવા માટે ખજૂરી પીપળીયા, તરઘરી, સનાળી ગામના લોકોને હવે અનિડા ફરવું નહિ પડે ટૂંકા રસ્તા થી તાલુકા મથક પર પહોંચી શકાશે ત્યારે આ બંને રસ્તાનું ખાતમુર્હત થતા સમગ્ર ગ્રામીણ વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ ખાતમુર્હત કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક એવા સ્થાનિક ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયતના શાસકપક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયતના પ્રમુખ પુઢષોત્તમદાસ હિરપરા,જિલ્લા ભાજપ મહિલા મોર્ચા ના રમાબેન હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, યુવા ભાજપ મહામંત્રી અનિઢદ્ધ બોરીચા, તુષારભાઈ ગણાત્રા સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા.


તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા



### દુકાન વધાવીને બાઈકમાં રાત્રિનાં પોણા નવ વાગે આવતા હતા

## જાળીયા ગામનાં સોની વેપારી રાત્રિનાં સમયે અમરેલી પરત ફરતા હોય ૪ અજાણ્યા ઈસમોએ પાઈપ મારી લૂંટ ચલાવી

**ગણેશની મૂર્તિ અને રોકડ રકમ ૪૦૦૦ની લૂંટ કરી ચારેય ઈસમો નાસી છુટયા**

અમરેલી, તા. ૧

અમરેલી ખાતે આવેલ ચક્કરગઢ રોડ, સંકુલ વાળી ચોકડી પાસે આવેલ વિસ આઈકોન એપાર્ટમેન્ટના બ્લોક ઈ–૪૦૩માં રહેતા અને જાળીયા ગામે શ્રીનાથજી જવેલર્સ નામની દુકાન ધરાવતા રોહિત સતીષભાઈ ધાણક નામનાં ૩૪ વર્ષિય સોની વેપારી ગત તા. ૨૯ના રોજ જાળીયા મુકામેથી દુકાન વધાવીને રાત્રીના આશરે પોણા નવેક વાગ્યે પોતાનું મોટર સાયકલ નં. જીજે–૧૪ આર ૦૫૪૯ લઈને નીકળેલ. જાળીયા ગામની બહાર નીકળી પેટ્રોલપંપ પસાર કરી થોડે આગળ જતા વળાંકમાં પહોંચતા મારા મોટર સાયકલની સામે બે અજાણ્યા ઈસમો આવેલ જે પૈકી એક ઈસમ પાસે પાઈપ હતો. જેથી મોટર સાયકલ ઓચીંતુ બ્રેક મારી ઉભુ રાખી દીધેલ અને પાઈપવાળા ઈસમે સોની વેપારીનાં માથાના ભાગે હેલ્મેટના ભાગ પર પાઈપ મારેલ હતો અને પાછળથી બીજા બે અજાણ્યા ઈસમો આવેલ હતા અને પાઈપવાળા ઈસમે બીજો પાઈપનો ઘા મારા ડાબા હાથની કોણીના ઉપરના ભાગે મારેલ હતો. જેથી વેપારી મોટર સાયકલ પરથી પડી ગયેલ હતા અને આ ચારેય ઈસમોએ તેમને ઢસડીને વાડીના ઝાડી–જાખરાવાળા ભાગે લઈ જતા હેલ્મેટ નીકળી ગયેલ જેથી સોની વેપારીને કપાળે તેમજ હાથ અને પગમા કાંટાઓ વાગેલ હતા અને ચારેય ઈસમો વેપારી માથે ચડી ગયેલ હતા. જેથી તેઓએ રાડા–રાડી કરતા આ ચારેય ઈસમો વેપારી પાસે રહેલ કીટ લઈને ભાગી ગયેલ અને આ કીટમા ચાંદીના ગણેજીની મુર્તી આશરે ૧૦ ગ્રામની કિંમત રૂપિયા ૧,૦૦૦ તથા રૂા. ૫૦૦ના દરની ચાર નોટ રોકડ રકમ રૂપિયા ૨,૦૦૦ અને મોટર સાયકલની આર.સી. બુકની લુંટ ચલાવી ચારેય ઈસમોએ તેમની વાડીમાં રાખેલ બે અલગ–અલગ મોટર સાયકલમાં બે–બે ઈસમો બેસીને એક જાળીયા ગામ તરફ અને એક અમરેલી– બગસરા રોડ તરફ લઈને જતા રહેલ હતા.

## જાફરાબાદ મરીન પોલીસ દ્વારા ફુટ માર્ચ યોજવામાં આવી



જાફરાબાદ, તા. ૧

જાફરાબાદ મરીન પોલીસ દ્વારા પોલીસ અધિક્ષક હિંમકર સિંહના માર્ગદર્શક નીચે જાફરાબાદ મરીન પોલીસ દ્વારા ફુટ માર્ચ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી હતી આજરોજ તા. ૧/૩/૨૦૨૪ ના રોજ જાફરાબાદ મરીન પોલીસ દ્વારા ફુટ માર્ચ યોજવામાં આવી આવનાર દિવસોમાં આવતા તહેવારો ને અનુલક્ષી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ફુટ માર્ચ યોજવામાં આવી હતી આ ફુટ માર્ચમાં મરીન પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર ગોહિલ તથા મરીન પોલીસ સ્ટેશન સ્ટાફ સાથે સામાકાંઠા ના પીપળી કાંઠા તથા બંદર વિસ્તારમાં તેમજ બોટ જેટી તેમજ અલગ અલગ વિસ્તારોમાં ફુટ માર્ચ યોજવામાં આવી.

### પ્રાથમિક જરૂરીયાત સી.સી.ટી.વી. જ બંધ


## સાવરકુંડલા પાલિકાનું મકાન શોભાનાં ગાંઠિયા સમાન બન્યુ

**અન્ડર ટેબલ વહીવટ માટે સીસીટીવી બંધની ચર્ચા**

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા જોગીદાસ બાપુ ખુમાણ નગર સેવાસદન નવનિર્મિત બિલ્ડીંગ કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ છે બિલ્ડીંગ તમામ પ્રકારની આધુનિક સુવિધાઓથી સુસજજ છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે સી.સી.ટી.વી. હોવા છતાં નથી ચીફ ઓફિસર બોરડને પૂછતા આ બાબતે ખૂબ જ ધીરજપૂર્વક જવાબ આપ્યો કે,





'મે સવા વર્ષ પહેલા ચીફ ઓફિસર સાવરકુંડલા તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી જ બંધ હાલતમાં છે.. હવે જોઈશુ.. તપાસ કરીશું. કયાં કારણે બંધ છે..!' આ વાતચીત ઉપરથી ખ્યાલ આવે છે કે અધિકારીને સી.સી.ટી.વી. ચાલુ થાય એમાં રસ જ નથી.

આ બાબતે ઉપપ્રમુખ નગરપાલિકા સાથે ટેલિફોનિક વાતચીત કરતા એવું જણાવ્યું કે, 'મારી જાણમાં નથી..! તપાસ કરાવું છું...!'

એકાદ લાખની વસ્તીનો વહીવટ કરતી આવી જાહેર સંસ્થામાં તો સતત ૨૪ કલાક સી.સી.ટી.વી. કાર્યરફત હોવા જ જોઈએ કોઈપણ સમયે કોઈપણ પ્રકારની ગંભીર પ્રકારની ઘટના ઘટે તો સાબિતી પુરાવા સી.સી.ટી.વી.નાં અભાવે છટકી જાય. ખાનગી હોટલ, રેસ્ટોરન્ટ, પેટ્રોલ પંપ જેવી જગ્યાએ જો સી.સી.ટી.વી. કાર્યરત ન હોય તો સરકારી એજન્સીઓ જ પોલીસ ફરિયાદ દાખલ કરે છે, તો આટલી મહત્વની જાહેર સંસ્થામાં અઢી અઢી વર્ષથી સી.સી.ટી.વી. બંધ હોય તો જવાબદાર અધિકારી ઉપર કેમ કોઈ એકશન લેવાયા નથી..?!

આ બાબતે જિલ્લા કલેકટર, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા દ્વારા કયારે કડક કાર્યવાહી કરવામાં આવશે તેની જાહેર જનતા રાહ જોઈ રહી છે.


















# વાર્તા–વૈભવ

## સરોવરની ચાંદની

**– આરતી સંતોષ – મો.૯૮૨૫૪ ૯૩૫૫૮**

મરાઠી વરિષ્ઠ સાહિત્યકાર તરીકે ગંગાધર ગોપાળ ગાડગીત ખુબ પ્રસિધ્ધ છે. મુળે એ સિડનહામ કોલેજના અર્થશાસ્ત્રના પ્રોફેસર, મુંબઈ ખાતે જન્મેલા અમેની એ વર્ષે ઓગસ્ટમાં શતાબ્દી થઈ. ૨૦૦૮માં એમનું અવસાન થયું. નવી દિલ્હી ખાતે સાહિત્ય અકાદમીના જનરલ કાઉન્સિલના ઉપાધ્યક્ષ અને સભ્ય તરીકે ૧૯૮૮–૯૩ સુધી કામ કર્યુ. એમણે વાર્તાઓ, નવલકથાઓ, નાટકો, બાળસાહિત્ય, સાહિત્યિક સમીક્ષા, લઘુકથાઓ,પ્રવાસવર્ણનો વગેરે વિવિધ ક્ષેત્રે ખેડાણ કર્યુ. નવી મરાઠી લઘુકથામાં સાહિત્યિક વાસ્તવવાદની નવી પરંપરા ઉભી કરનાર તેમ જ વ્યંગકાર તરીકે તેમની ખ્યાતિ છે. ૧૯૪૧ થી તેઓ લખતા. આવો, માણીએ તેમની એક સુંદર અનુભવકથા.સામે ઉગેલ સરગવાની ડાળીઓ ફાલી છે. કોમળ ફુલોથી લચી રહી છે. કેળ કંઈક ઝુકી રહી છે. ચડતા દિવસનો તડકો સીડીઓ ચડીને ઉપર આવી રહયો છે. હવામાં ઠંડક છે. હવા કોઈ ગર્ભવતી સ્ત્રીની માફક ધીરે ધીરે કદમ ભરી રહી છે. ચારે તરફ અજબ નીરવતા છવાયેલી છે.તે જતી વખતે ખસેડેલી સરગવાની ડાળખી હજુએ એની પરની ફુલો સમેત ઝુલી રહી છે. એને જોતો હું આડે પડખે થયો છું. પગ પર હાથ ફેરવતી, પંજા જોતાં તારી સ્મૃતિ એની જેમ મારા મનમાં ઝુલી રહી છે.હંમેશની જેમ



બહાર જતાં, ઘઉ વીણવા, સાંજના ખાણાની તૈયારી, ગૃહિણીનું ખતમ જ ન થતું કામ કરતાં તારી દોડધામ, ઘડિયાળનો કાંટો કેટલો ઝડપથી દોડે છે. ! એ પછી તૈયાર થવાનું... ઉતાવળમાં મુઆ વાળ સરખા ન ગુંથાયા. પાલવ સરખો નીચે નથી આવતો, એને લીધે મોડું થતું હતું....ત્યાં કાયમ મોડો આવતો હું વહેલો આવી ગયો ! આંખો પહોળી કરી મને જોતી તું બહાર ચાલી ગઈ. જતાં જતાં પાછું વાળીને જોતી તારા ચહેરા પર નારાજગી હતી. પણ આંખોમાં પૃચ્છા હતી – કેવી લાગું છું?

હજી હમણાં જ તો તું ગઈ છે. હજી પેલી ઝુલતી ડાળીની માફક મારા મનમાં મધુર સ્મૃતિઓ ઝુલી રહી છે. કહી ન શકાય પણ કયારેક કોઈ પ્રસંગ, કોઈ ક્ષણ દિલને દુભવી જાય છે.મારે તારી સાથે હવે ખુબ વાતો કરવી છે. તને જે નહોતું કહેવું તે હવે પતંગિયાની માફક બહાર નીકળવા લાગ્યું છે. આ સ્થિતિ ઝાઝી નહી ટકે એ ખબર છે એટલે જે યાદ છે, કહી શકાશે તે કહી જ દેવું છે. લાગણીની આ વર્ષોમાં ભીંજાવા તું અહી હોવી જોઈતી હતી. પણ તું અહી હોત તો આપણું એકાંત ભંગ થાત, ન કહેવાત, એટલે હવે કહું છું. થાય કે કહી શકીશ. પણ શરૂ કરવા જાઉ ત્યાં ગુંચાઈ જાઉ છું.

મારે એટલે જ કહેવું છે કે મને તું બહુ ગમે છે. બે ચોટલા વાળેલી, યૌવન છલકાતી લચકાતી ચાલે ચાલતાં એવી તને કોલેજના કોરિડોરમાં પહેલીવાર જોઈ ત્યારે જ તું ગમી ગઈ. તારા કેશકલાપ પર છાયેલી નીલી મદહોશી તારા શરીરની માદકતા અને ચાલમાંથી ટપકતી સ્વચ્છંદતાએ મને મંત્રમુગ્ધ કરી મુકયો હતો. બીજામાં સતત દોષો જોતા રહેવાની મારી વૃતિ કયાંય ગુમ થઈ ગઈ. તારા હાથની કોણી સુધીની બંગડીઓ રણકી ઉઠી, તારી ચમકિલી આંખોમાં ધીરે રહીને મને જોયો અને તને પામવાની મને ઉત્કટ ઈચ્છા થઈ આવી. તું આંખોની ઓઝલ થઈ અને હું બેચેન બની ગયો. ફરી મારામાં પેલી દોષ જોવાની વૃતિ ઉછળી આવી, પણ મારા ચશ્માથી તને જોતાં તારામાં દોષ જોવાની હિંમત ન થઈ. બલકે સૌંદર્યદ્રષ્ટિ વિકસી.તારી આંખોમાં છીછરાપણું નહોતુ, વ્યવહારમાં કોમળતા હતી. તે મને આકર્ષ્યો. એટલે મારો અહં ઘવાયો. મને તારી જરૂર છે. એ સ્વીકારવા હું તૈયાર ન હતો. એટલે હું તારાથી બચીને રહેવા લાગ્યો ત્યારે તું જ મારાથી આકર્ષાઈ ! અજાણતા જ આપણી મુલાકાતો લાઈબ્રેરીમાં થવા લાગી. તને ખબર પડતી ગઈ તેમ મને ગમતા રંગની સાડી પહેરી તું આવતી. તારૂ મન સાફ હતું એટલે તું સહજતાથી વર્તતી પણ હું તને દુઃખી કરવામાં આનંદ માનતો (!) તારા પ્રેમના પડછે મારો અહંકાર પોષાતો રહેતો. સ્વપીડનવૃતિવાળા મને એ વિશ્વાસ નહોતો પડતો કે તું મને પ્રેમ કરે છે, એટલે દિલની કડવાશ ઠાલવતો રહયો, તું સહન કરતી રહી. મારી પર ગુસસે થવાનું નકકી કરતી પણ મને જોઈને બધું ભુલી જતી.એ સ્થિતિમાં આપણે ફરતાં થિયેટર જતાં પણ પિકચર ન જોતાં સમુદ્રકિનારે સાથે બેસી સુર્યાસ્ત જોતાં. રેતીમાં લીટા દોરતી તું એટલી સુંદર દેખાતી કે તને સ્પર્શ કરતા મને ડર લાગતો ત્યારનાં આપણા ઝઘડા ! કેટલો સ્વાર્થી બની ગયો હતો હું ! યાદ છે તને જુહુની રેતમાં, હેંગિંગ ગાર્ડનના વૃક્ષોની છાયામાં આપણે કરેલા ઝઘડા, લાગણીઓની કમાનથી રચેલા મેઘધનુષ્ય ! એ ઝઘડાથી તારા નાજુક મનને દુઃખ થયું હતું. પણ તું એવું નહી કહે, આવું તો કેટલુંય છે.તારા સહવાસમાં મારી કટુતા ઓગળી રહી હતી, મારી ગંભીરતાનો અંચળો ઉતરી રહયો હતો.પછી આપણાં લગ્ન થયાં. એથી બધાને ખુશી થઈ. જાણે તળાવમાંથી ચાંદની છલકાઈ રહી. ઈચ્છા તો હતી કે નવવધુ મારા પોતાના ઘરમાં પ્રવેશે, હજુ પણ એ ઈચ્છા છે... પણ એ થઈ ન શકયું એનો વસવસો હજુય છે. પણ જિંદગી રોકાતી નથી. અલગ ટેવો, અલગ પસંદગી, એ બધુ સહજ થતું ગયું જેનાથી હું ગભરાતો હતો, પણ તે બધુ સરળ કરી દીધું ! તે જિંદગીને મારા ઢાંચામાં ઢાળી દીધી. મારી મહત્વાકાંક્ષી પ્રવૃતિ જોઈ તે તારી મહત્વાકાંક્ષાઓ પર પાણી ફેરવી દીધું ! પોતાની આદતો ભુલી ગઈ. તને ખબર હતી કે આના સિવાય ઘર નહી ચાલે ? કે પછી મારા પ્રેમ આતર ? આટલો બધો પ્રેમ કરે છે તું મને ? સાચું કહું તો એવું નહોતુ કરવાનું તારે. આટલી સહજતાથી તો નહોતું જ કરવાનુ, કેમ કે તારો દરેક ત્યાગ હું ભુલી જાઉ છું. તને તો મને પ્રેમ કરવામા, મારા માટે કષ્ટો સહન કરવામાં, મારી ચિંતા કરવામાં જ આનંદ આવે, આવી તો તું પહેલા નહોતી !

વારંવાર કહેવાનું મન થાય છે કે તે મને કેટલો બધી સુખી કર્યો, મને તો દુઃખ સહન કરવાની ટેવ પડી ગઈ હતી. તે એનો અહેસાસ ન થવા દીધો.

પછી આપણને બીજે જગ્યા મળી, નવું ઘર જોઈ તું નાની છોકરી પેઠે નાચી ઉઠી. ઘર સજાવવું, લોકોને ચા–પાણી માટે નોતરવા, નવી–નવી યોજનાઓ બનાવવી, એ બધામાં તું વ્યસ્ત થઈ ગઈ. ઘર મળ્યાની ખુશીમાં તે આપેલ આલિંગન હજી શરીરને સુખવી જાય છે.તારો એક શોખ મને નવાઈ પમાડે છે. – પોતાની પાસેના પૈસાથી તું હંમેશા મારા માટે કંઈ ને કંઈ લાગતી – કપડાં, કયારેક ફાઉન્ટન પેન, કયારેક એશ–ટ્રે... મારૂ વ્યવહારી મન આ વાતની મશ્કરી કરતું – શું હું જાતે ન ખરીદી શકું ? પોતાના શોખની ચીજો કેમ લેતી નથી ? કયારેક એવી ચીજ લાગતી કે હું દોસ્તોમાં મશ્કરીપાત્ર થતો એટલે તારી પર ચિઢાતો, નકકી કરતી કે હવે મારે માટે કશું લેવું નથી પણ ફરી કયારેક તું... એ તારી લાવેલ વસ્તુનાં વખાણ કરવા મારે ઉત્સાહ લાવવો પડતો... તારો એ પ્રેમ છે અને હું..... તારા આવા વ્યવહારને ઘેલછા કહું છું...

તને એવી ઈચ્છા રહી છે કે હું પણ તારે માટે કશુંક લાવું, કંઈ નહી તો એક ગજરો લાવું, પણ જેને પોતાને માટે કશું લેતાં નથી આવડતું એ તારે માટે શું લાવે ?

જો કે તારૂ દુઃખ હું સમજું છું. કહીશ તો ગુસ્સો કરીશ તું કે તારા મનની વાત હું જાણું છું એ વાત તને અપમાનજનક લાગે છે તને લાગે છે કે તારમાં કશુંક ખુટે છે. સાચું કહું તું આવી, સીધી, સરળ, સહજ છે એટલે જ ગમે છે.આમ તો તું મને પ્રેમ કરે છે, મારા મો ત્યાગ કરે, પણ પૈસામાં કંજુસાઈ કરે છે. ફરવા જાઉ તો સિગારેટ માટે એક આનો આપતાં જોર પડે છે. બીજાની જેમ થતું રહે એવી ઈચ્છા તારામાં એટલી બધી છે કે નાની–નાની વાતે રિસાતી રહે છે એ મને ગમે છે.

તારી વાત જ અજબ છે. ડબો મફત મળે છે. માટે મોંઘી ચા ખરીદી લાવે, સારી બોટલ મળવાની આશામાં નકામી દવાઓ ખરીદતાં રહેવું, મારાં કપડા ફાટતાં નથી એટલે વાસણ લઈ શકાતા નથી એ વાતે નારાજ થવું, ઘડિયાળ બાંધે પણ એને ચાવી આપવાનું ભુલી જાય એવું ઉંધુ કર્યા કરે છે !હજુ કેટલું કહું ?

હવે તું મારા પર નવી જાળ બિછાવવાની, એક નવા બંધનમાં બાંધવાની, તારૂ શરીર પુષ્ટ થયું છે. નજર સ્થિર, ચાલમાં ઠરેપણું આવ્યું છે. મારી તરફ નવી આશાથી જોતી રહે છે.હવે, તું મારા સંતાનની માતા બનવાની છે.

સામેના સરગવાની ડાળીઓ ફાલી ચુકી છે. કોમળ ફુલોથી લચી રહે છે. કેળ કંઈક ઝુકી રહી છે. ચડતા દિવસનો તડકો સીડીઓ ચડીને ઉપર આવી રહયો છે. હવામાં ઠંડક છે. હવા કોઈ ગર્ભવતી સ્ત્રીની માફક ધીરે ધીરે કદમ ભરી રહી છે. કેવળ તારી યાદએ સરગવાની ડાળી માફક મારા મનમાં ઝુલી રહી છે.


**– કૃષ્ણાનંદ' ૫૮, સેકટર–૩, નિર્ણયનગર, એ.ડી.સી.બેન્ક સામે, અમદાવાદ–૩૮૨૪૮૧, મો.૯૮૨૫૪૯૩૫૫૮**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઈ કાચા.**

# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોક્સ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી



**બાલમિત્રો,**

તમારી ભાષા સુધરે ને સમૃદ્ધ બને, વિચારશકિત બીલે, વાંચન શકિત વિકસે, લેખન પદ્ધતિ આવડે, આવા ભાષા કૌશલયો વિકસે એજ છે. આપણી ભાષાએ ભરણ દ્વારા જ બાળકનો પુર્ણ વિકાસ થતો હોય છે. એમાંય બાળવાર્તા, બાળગીતો તો લાવવા છે. એટલે જ યુગોથી બાળવાર્તાઓ કહેતા આવી છે. આજે પણ વાર્તા કહેવાય છે. વાર્તા દ્વારા ઉતમ જીવન જીવવાના પાઠ બાળકોને મળે છે. ઉતમ મૂલ્યો વાર્તાથી જીવનમાં પ્રસ્થાવંત થતો હોય છે. વાર્તા સાંભળી બાળક રવાના જોતો થાય છે. અને સ્વપ્નાંને સાકાર કરવા માટે તે પ્રયન્તશીલ બને છે. ને ભવિષ્યમાં મહાન આધાર બને છે.

એટલે જ નાનપણમાં બાળકોને વાર્તાઓ વાંચવાનું કહેવામાં અવો છે. વાર્તા સાંભળવી, વાંચવી બાળકોને મળતું હોયે . જે ઘરમાં બાળકને વાર્તા સાંભળવી મળી હોય છે તે બાળકોના માનસનો વિકાસ સારી રીતે થયેલ હોય છે. કેટલાંક બાળકોને તો રાત્રે વર્તા સાંભળવ્યા વિના ઉંઘ પણ આવતી નથી હોતી. આ કામ માત્રને માત્ર મા–બાપ ને ભવિષ્ટનું હોય છે. એમના હાથમાં બાળકનું ભવિષ્ય હોય છે.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

### અમરેલીમાં એક વિશિષ્ટ સેવાયજ્ઞ બહેરા મૂંગાની શાળા

સૌરાષ્ટ્રમાં વિકલાંગ સમસ્યા અત્યંત ગંભીર છે. તેમાં મંદબુદ્ધિ, અંધત્વ અને શ્રવણક્ષતિના કારણે અનેક પાત્રોના જીવન વેડફાય છે. અમરેલી જિલ્લામાં એક અંદાજ મુજબ શ્રવણમંદ બાળકોની સંખ્યા લગભગ ૧૦૦૦ની છે. આમાં માત્ર દસ વર્ષની વય ધરાવતા બાળકોને જ ધ્યાનમાં લીધા છે.

આ પરિસ્થિતિને હળવી કરવા અને બહેરા મૂંગા બાળકોને શિક્ષિત કરી તેમનું જીવનમાં પુનઃસ્થાપન કરવાના હેતુથી મંગળદાસભાઈ મહેતાએ આજથી દસ વર્ષ અગાઉ બહેરામૂંગાની શાળા શ્રી મૂકબધિર સેવા ટ્રસ્ટ અમરેલીના ઉપક્રમે શરૂ કરી.

દસ વર્ષમાં આ સંસ્થાએ અનેક બાળકોના જીવનમાં અજવાળા પાથર્યા છે. અમરેલી જિલ્લા વિદ્યાસભાના વોરા કમાણી છાત્રાલયમાં ચાલતી આ સંસ્થા 'શ્રીમતી તાપીબેન મોહનલાલ મહેતા બહેરામૂંગા શાળાના નામે કાર્ય કરે છે. આ સંસ્થામાં પણ બાળકોને રહેવા – જમવાની તથા શિક્ષણની સુવિધા વિનામૂલ્યે અપાય છે. ૪૨ ખંડના વિશાળ મકાનમાં આવેલા આ નિવાસી વિદ્યાલયમાં એકંદરે ૭૦ બાળકો શિક્ષણ મેળવે છે. આજ સુધી માત્ર દાતાઓના દાન પર નિર્ભર આ સંસ્થાના પ્રમુખ મંગળદાસભાઈ મહેતા અમરેલીના વતની છે અને મુંબઈ બેઠા બેઠા આ સંસ્થા માટે લાખો રૂપિયા મેળવે છે.

આ સંસ્થા સ્વીકારેલા એક નવા અભિગમ અનુસાર બાળકોને અદ્યતન શ્રવણયંત્રો ડેનમાર્કથી આયાત કરી અપાય છે. હેતુ એવો છે કે આ બાળકો પ્રથમ સાંભળતાં અને પછી બોલતાં થાય. ડૉ. દેવાંગીબેન દલાલના સહયોગથી ચાલતા આ સેવાયજ્ઞ માટે ટ્રસ્ટે ૧૫–૧૬ લાખ રૂા.દાન મેળવ્યું છે. અને બાળકોમાં સુખદ પરિણામ જોવા મળ્યા છે. ક્રમશઃ આ બાળકોને સામાન્ય શાળામાં મૂકી સમાજ સાથે ભેળવી દેવાનો પ્રયત્ન છે.

આ ટ્રસ્ટમાં સ્વ.નટવરભાઈ વોરાનું યોગદાન મુખ્ય છે. તથા ડૉ.પ્રતાપભાઈ પંચાલ, બેચરભાઈ પોકર, મુકુન્દભાઈ મહેતા, દિનેશભાઈ ગાંધી, મનોજભાઈ ભટ, વિજયભાઈ મહેતા, નરેન્દ્રભાઈ ભટ, હરકીશનભાઈ પરીખ, નાથુભાઈ સહિતનાં કાર્યકરો અને સંનિષ્ઠ કર્મચારીઓ સતત કાર્યરત છે.

### મેમણ બોડિંગ

અમરેલીની મેમણ બોડિંગની પાયાવિધિ અમરેલી પ્રાન્તના સુબા માધવરાય મુરારરાવ શીતોલેના હસ્તે તા. ૨૭/૯/૧૯૨૫ના રોજ કરવામાં આવી હતી. ઈ.સ.૧૯૩૧માં અમરેલી મેમણ બોડિંગ હાઉસ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. આ જ વર્ષના ઓગષ્ટ માસમાં અમરેલીના સુખી મેમણ સદગૃહસ્થ શેઠ હાજી મુસા ઈસ્માઈલ પાલસલાના હસ્તે બોડિંગનું ઉદઘાટન થયું હતું.

### કે.કે.પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય

આઝાદી પહેલાં ઈ.સ. ૧૯૪૨માં સ્થપાયેલી અમરેલીની આ શાળા જૂના મુંબઈ રાજયમાં સમગ્ર જિલ્લામાં 'એ' ગ્રેડની શાળા જાહેર થઈ હતી. જિલ્લામાં વિવિધલક્ષી શિક્ષણ સૌપ્રથમ આ શાળામાં શરૂ થયું હતું. હાલ આ શાળામાં શરૂ થયું હતું. હાલ આ શાળાનું સંચાલન અમરેલી કેળવણી મંડળ દ્વારા કરવામાં આવે છે. અમરેલી શહેરમાં આ શાળા નૂતન હાઈસ્કૂલના નામથી ઓળખાય છે.

## ૨૨ બાળકની ચોરી કરવાની વૃતિ

### શિશુવંદના

**– ગિજુભાઈ ભરાડ**

બધાં બાળકોમાં એ નથી હોતી, કેટલાકમાં જ હોય છે. પ્રિન્સિપલ ઓફ ક્રિમિનોલોજી નામના પુસ્તકમાં લેખક સધરલેન્ડ કહે છે કે બાળકનો ચોરી કરવાનો મુખ્ય આશય જાદુઈ રીતે કશુંક પ્રાપ્ત કરી લેવાનો હોય છે અને એને ભારે રોમાંચ હોય હોય છે. એ નિજાનંદ માટે જ ચોરી કરે છે, જરૂરિયાત માટે નહિ. પરંતુ ટેવ જો કાયમ રહે તો આગળ જતા એ જરૂરિયાત પ્રમાણે ચોરી કરતો થાય છે. જે ખરા અર્થમાં ક્રાઈમ બને છે. ચોરીના માર્ગે ગયેલા બાળકને પાછો વાળવા માટે એને જોઈતી વસ્તુઓ અપાવી દેવી એ એકમાત્ર ઉપાય નથી. પરંતુ જેની પાસેથી જે વસ્તુ એ ચોરી લે છે એ વસ્તુના માલિકના થતા દુઃખ અને વ્યાકુળતાનો એને અહેસાસ કરાવવો જરૂરી છે. બીજાના દુઃખમાંથી આનંદ લેવાની પરપીડાની વૃતિ પણ બાળકને ચોરી તરફ લઈ જાય છે. સજા કરવાથી આ વૃતિનો વિરછેદ થઈ શકતો નથી એમ મનોવૈજ્ઞાનિકો કહે છે. અલ્પ સાધને પણ, આજીવન ચોરી કર્યા વિના મહાન બનેલા સતપુરુષોનો અને પરિચય કરાવવો જોઈએ. ઉપરાંત ચોરી કબૂલ કરાવવાના આગ્રહને બદલે હવે ચોરી ન કરવાના સંકલ્પ તરફ એને ક્રમશઃ વાળવો જોઈએ. ચોરીની ટેવ ગરીબ બાળકોમાં જેટલી જોવામાં આવી છે તેનાથી કયાંય વધુ શ્રીમંતોના બાળકોમાં જોવા મળી છે. એટલે બાળક પોતાની પાસેના સાધનોની ઘટ પૂરી કરવા માટે ચોરી કરે છે એ વાત સર્વસ્વીકૃત નથી. ચોરીની ટેવ બાળકને છોડાવવા માટે એ વાતનું પણ ધ્યાન રાખવાનું રહે છે કે એને ગુનેગાર સાબિત કરવામાં ન આવે. બહુ જ ધીરજપૂર્વક એને વિશ્વાસમાં લઈને જ આ ટેવ છોડાવી શકાય છે. બાળપણમાં જો પૂરતું ધ્યાન આપવામાં ન આવે તો આ અવગુણ આગળ જતા એના વ્યકિતત્વ વિકાસનો મોટો અવરોધ સાબિત થાય છે.

## અંધશ્રદ્ધાથી બચો

નંદનવન અઠવાડિયાથી ભકિતમય બની ગયું હતું. મીઠાનંદ પોપટ કથાનું રસપાન કરાવી રહ્યા હતા. આજે કથાની પૂર્ણાહુતિ હોવાથી જંગલના બધાં પ્રાણીઓ મીઠાનંદ માટે કંઈક ને કંઈક ભેટ દક્ષિણામાં આપતાં હતાં. મીઠાનંદને ઘણાબધા રૂપિયા રોકડા અને ભેટો મળી. શેરુ શિયાળને આ ન ગમ્યું. એકવાર શિયાળ વિચારવા લાગ્યો કે મારે પણ પૈસાવાળું થવું છે. મારા પાસે જ્ઞાન નથી. પણ હું એવી યુકિત કરું કે લોકો ભોળવાઈ જાય અને મહેનત કર્યા વિના માલામાલ થઈ જઉં.રોજ તળાવના કિનારે બેસીને વિચારે કે હું શું કરું તો વગર મહેનતે પૈસાદાર થઈ જાઉં ? ચાર–પાચ દિવસ આમ ને આમ વિચાર્યે રાખ્યું. હવે તેના મિત્ર કોકો મગરથી ન રહેવાયું.“કેમ તું રોજ ઉદાસ રહે છે ?” કોકોએ પૂછયું. “મારે મહેનત કર્યા વિના પૈસાદાર થવું છે. હમણાં મીઠાનંદને કથા દ્વારા કેટલી બધી ભેટ સોગાદ મળી ! મને કથા કહેતાં નથી આવડતી તેથી હું લોકો ભરમાઈ જાય અને મને પૈસા આપે એવી યુકિત થોડા દિવસ વિચારું છું.” શેરુ બોલ્યો.એ દિવસ પછી... આજે શેરુને ખુશ જોઈને કોકોએ કહ્યું, કેમ આજે બહુ ખુશ છો ? શેરુ કહે, “ મને પૈસાદાર બનવાની એક યુકિત મળી ગઈ છે. નંદનવનાં પ્રાણીઓ અંધ–શ્રદ્ધા અને ચમત્કારમાં બહુ માને છે. હું ચમત્કારમાં બહુ માને છે. હું ચમત્કાર દ્વારા પૈસા બનાવીશ. પણ મારે એમાં તારી જરૂર પડશે. તું મને સાથ આપજે. હું તને પણ યોગ્ય ભાગ આપીશ.” શેરુની વાત સાંભળી કોકો ખુશ થયો. “મને પણ પૈસા મળતા હોય તો શું વાધો છે !” કોકો બોલ્યો. શેરુએ કોકોના કાનમાં આખો પ્લાન સમજાવી દીધો. પ્લાન મુજબ પ્રચાર કરવા માટે ડીકો ગધેડાનો સંપર્ક કર્યો. ડીકો ભોળો હોવાથી થોડા પૈસામાં તે પ્રચાર કરવા રાજી થઈ ગયો. ડીકો જંગલનાં બધાં પ્રાણીઓને કહેવા લાગ્યો કે આપણા જંગલમાં મૌની બાબા આવ્યા છે. તળાવના




કિનારે સમાધિ લગાવીને બેઠો છે. ત્રણ દિવસ પછી બપોરના સમયે તે તળાવના પાણી ઉપર ચાલી બતાવશે તે સિદ્ધ યોગી છે. મૌની બાબા પાણી ઉપર ચાલે ત્યારે તમારે મોટા મોટા પથ્થર તળાવમાં નાખી રામ રામ બોલતા રહેવાનું છે. તળાવમાં પથરા નાખનાર બધાં પ્રાણીઓને સ્વર્ગ મળશે. કોઈ આ લાભ જતો ન કરે. ડીકો ત્રણ દિવસ આ રીતે પ્રચાર કરતો રહ્યો.

આજ આખું નદનવન બપોરે તળાવના કિનારે ભેગું થયું. મૌનીબાબા થોડુંક પાણીમાં ચાલ્યા પછી બે હાથ જોડી આંખો બંધ કરી ઉભા રહ્યા. હાથના ઈશારાથી બધાં પ્રાણીઓને રામ રામ બોલી પથરા નાખવા લાગ્યાં. પાંચેક મિનિટ પછી ખરેખર મૌનીબાબા પાણી ઉપર ચાલતા હતા. તેઓ પાણી ઉપર ધીમે ધીમે ડગર ભરતા કિનારાથી થોડે દૂર આંખો બંધ કરી ઊભા રહ્યાં. ઈશારાથી પથરા નાખવાનું બંધ કરવા કહ્યું. પાણીમાં ચાલી કિનારે પહોચ્યા. **(ક્રમશઃ)**

## વારતા તળાવમાં આમ

**વિજ્ઞાન કથા – અર્જુનસિંહ કે રાઉલજી**

રાયપુર નામે ગામ. આગમની બહાર મોટુ તળાવ . પાણીથી છલોછલ ભરેલું. ગામની બહાર તળાવ પાસેથી જ એક વિશાળ હાઈવે પસાર થાય. હાઈવે ઉપર રાતે તો વાહનોની અવર–જવર અને ધમાચકડી રહેતી. પણ રાત્રે પણ શાંતિ નહોતી. આખી રાત વાહનોનો ધમધમાટ ચાલુ જ રહેતો. હાઈ–વે અમાદાવાદ અને મુંબઈને જોડતો હતો. એટલે માત્ર નાનાં વાહનો જ નહીં પણ મોટી મોટી હાથી જેવી ટ્રકો અને ટેંકરોની અવર–જવર પણ રાત દિવસ ચાલુ જ રહેતી.

વહેલી સવારે રાયપુરવાસીઓ મસ્ત મજાની ઘેરી નીંદરની મજા માણી રહયા હતા. ત્યાંજ એકદમ જોરથી કાન ફાટી જાય એવા બોંબ ધડાકાના અવાજો ચાલુ થઈ ગયા., તે પણ એક – બે નહી ઉપરા ઉપરી સતત ધડાકા થવા લાગ્યા. લોકો પહેરેલા કપડે જ ગામ બહાર દોડી ગયા. તળાવમાં એક મોટું ટેન્કર ખાબકયું હતું, અને એ ટેંકરમાં આગ લાગી હતી. અગનજવાળાઓ ઉંચી ઉઠી રહી હતી અને ટેંકરમાંથી જ બોંબ ફુટતા હોય તેવા ધડાકાઓ થઈ રહયા હતા. લોકોને આશ્વર્ય થતું હતું કે તળાવ તો પાણીથી સંપુર્ણ ભરેલું હતું, તો પછી આ પાણીમાં કેવી રીતે આગ લાગી ? અને આગ લાગી તે તો કદાચ સમજાય એવી વાત હતી, પણ આ ધડાકાઓ શાના થતા હતા. કોઈને કશી સમજ પડતી નહોતી, કોઈ કહેતુ હતું, માતાજી ગામથી રૂઠયાં લાગે છે. બાકી વળી પાણીમાં આગ લાગતી હશે ? તો કોઈ કહેતું ગામ ઉપર ચોકકસ જ કોઈક ભુતપ્રેત કે પિશાચિનીનો પડછાયો પડયો છે......! ગામના સરપંચ મુળજીભાઈ પણ આવી ગયા. તેમની સમજમાં પણ કઈ આવતું નહોતં. ટેંકરનો ડ્રાઈવર તો કયાંય દેખાતો જ નહોતો, કદાચ અકસ્માત થવાના કારણે ભાગી છુટયો હતો. પણ આ આકસ્માત થયો કેવી રીતે ? આખું ટેન્કર તળાવમાં પેસી ગયું, અને અંદર બેસી ગયું, એ પણ નવી નવાઈની જ વાત હતી ને....! પાણીમાં ડુબવા આવેલા ટેંકરમાંથી હજુ પણ આગની જવાળાઓ પાણીમાંથી પણ ઉંચે ઉઠી રહી હતી, ગજબ આશ્વર્યજનક વાત હતી.

કોઈકે કહયું નજીકના પોલીસ સ્ટેશનને કોઈ કરી પોલીસને જાણ કરો અને પોલીસ બોલાવો તો આગળ શું કરવું તેની સમજ પડે.....! એ વાત મુળજીભાઈના ગળે ઉતરી ગઈ. તેમણે તાલુકા પોલીસ સ્ટેશનને ફોન કરી ત્યાંના પી.એસ.આઈ.ને ઘટનાની જાણ કરી, તાબડતોડ પોલીસ લઈ આવી જવા વિનંતી કરી. ત્યાંના પી.એસ.આઈ. તાત્કાલિક પોલીસ કુમક લઈ આવવા નીકળી ગયા. માત્ર એટલું જ નહી, પણ તેમણે જિલ્લા પોલીસ વડાને પણ જાણ કરી દીધી, જિલ્લા કલેકટરને પણ ખબર આપી અને શહેરના ફાયર બ્રિગેડને પણ તાત્કાલિક રાયપુર પહોંચવા ઓર્ડર આપી દીધો.

ગણતરીના કલાકોમાં તો આખુયે સરકાર તંત્ર કામે લાગી ગયું, પણ બધાને નવાઈ એ વાતની લાગતી હતી કે તળાવમાં પાણી તો છલોછલ ભરેલું હતું. તેમાં આગ લાગે જ કેવી રીતે ? પાણી તો આગ ઓલવવાનું કામ કરે, તો પછી આગ કેવી રીતે લાગે ? અને પાછા ધડાકાઓ થતાં હતાં. ફાયર બ્રિગેડવાળા પણ વિચારમાં પડી ગયાં હતા....! તેમાંથી એક બે જવાન તો પાણીમાં ઉતરી ટેંકરની નજીક પહોંચી નિરીક્ષણ પણ કરી આવ્યા. ટેંકરમાં કોઈક નાજુક ધાતુ જેવો પદાર્થ હતો એન કેરોસીનની વાસ પણ આવતી હતી, પણ એ લોકોની સમજમાં પણ કંઈ આવતું નહોતું....!

એટલામાં શહેરમાંથી એક બસ આવી અને તળાવ પાસેનાં સ્ટેન્ડ ઉપર ઉભી રહી. બસમાંથી સરપંચ મુળજીભાઈનો દીકરો શાશ્વત ઉતર્યો. શહેરની કોલેજમાં સાયન્સ ભણતો હતો. તે ટોળા પાસે ઉભેલા મુળજીભાઈ પાસે દોડી ગયો અને શું થયું છે– તે પુછવા લાગ્યો. મુળજીભાઈએ આખી ઘટના તેને સમજાવી. તે થોડીક ક્ષણો તો વિચાર કરતો રહયો. પછી પોતાની બેગ એક મિત્રને પકડાવી તળાવનાં પાણીમાં કુદી પડયો. બધાએ તેને રોકવાનો ખુબ પ્રયત્ન કર્યો પણ તે તો ટેન્કર પાસે પહોંચી ગયો. હવે તો ટેંકરની આગ લગભગ શાંત પડી ગઈ હતી. ધડાકાઓ પણ ઓછા થઈ ગયા હતા. માત્ર કયારેક કયારેક સુરસૂરિયું થતું હોય એમ લાગ્યું હતું....! તે તો ટેંકરની ચોફેર ફર્યો, પછી ટેન્કરના ખુલ્લા ઢાંકણામાં હાથ નાખી તેમાંથી કેટલાક ગાંગડા કાઢયા, હથેળીમાં લઈ મસળી જોયા, સુંધ્યા...લોકોએ એમ ના કરવા ઘણી બધી બુમો પણ પાડી, પણ તે સાંભળે ....? પછી હસતો હસતો બહાર આવ્યો.

મુળજીભાઈ પાસે આવી બોલ્યો, "પપ્પા, આખી વાત મને સમજાઈ ગઈ છે., હવે તોફાન શાંત થઈ ગયેલ છે, હવે કશું જ જોખમ નથી, માત્ર તળાવમાંથી ખાલી ટેન્કર કઢાવવાનું છે.

"પણ થયું છે શું તે તો કહે..." મુળજીભાઈ બોલ્યા અને ટેકંરમાં સોડિયમ ધાતુ ભરેલી હતી. સોડિયમ ધાતુ ખુબ જ એકિટવ હોય છે. તેને પાણી પ્રત્યે જબરજસ્ત આકર્ષણ હોય છે. તે પાણી કે હવાનાં ભેજના સંપર્કમાં આવે તો તરત જ સળગી ઉઠે છે. તે પણ ધડાકા સાથે, આથી તેને કેરોસીન જેવા નિષ્ક્રિય સોલવંટમાં જ રાખવી પડે. આ ટેંકરમાં સોડિયમ ધાતુંના ગાંગડા કેરોસીનમાં ભરેલા હતા. આ ટેન્કરનું ઉપરનું ઢાંકણું કોઈક કારણથી ખુલી ગયું હશે, સોડિયમ હલકી ધાતુ હોવાથી કેરોસીનની ઉપર આવી ગઈ હશે. હવે તે વાતાવરણના ભેજના સંપર્કમાં આવતાં જ સળગી ઉઠી હશે અને ડ્રાઈવરે સાઈડમીરરમાંથી આ જોયું હશે. તેને એટલી તો ખબર હશે જ કે ટેંકરમાં કેરોસીનમાં કોઈક કેમિકલ ભરેલું છે અને કેરોસીનમાં આગ લાગી છે. એટલે તેમણે પોતાની સામાન્ય બુદ્ધિથી આગ હોલવવા ટેન્કર તળાવમાં ધકેલી દીધું હશે...! પરિણામે સોડિયમ પાણીના કોન્ટેકમાં આવતાં જ જબરદસ્ત આગ લાગી અને ધડાકાઓ થવા લાગ્યા...." બધા આશ્વર્યથી શાશ્વતના ચહેરા તરફ જોવા લાગ્યા, જેમને શાશ્વતની વાત સમજ પડી તે હસતાં હસતાં વિખરાવા લાગ્યા અને ના સમજ પડી તે મોં વકાસીને એકબીજા તરફ જોવા લાગ્યા. બાલમિત્રો તમને તો સમજ પડીને ?!..

## ૦૬– બિરસા મુંડા

**જન્મ : ૧૫ નવેમ્બર, ૧૮૭૫**
**વીરગતિ : ૯ જુન, ૧૯૦૦**



બિરસા મુંડાનો જન્મ ૧૫ નવેમ્બર, ૧૮૭૫ના રોજ બિહારના રાંચી જિલ્લાનાં ઉલિહાતુમાં થયો હતો. તેમના પિતાનું નામ 'સુગના મુંડા' અને માતાનું નામ 'કરમી' હતું. બિરસાએ પોતાનું શિક્ષણ સાલગા, બુર્ટુ અને ચાઈબાસાની અંગ્રેજી માધ્યમથી શાળામાં લીધું. પોતાનાં આદિવાસી સમાજની દુર્દશા બાબત વિચાર્યુ અને પોતાનામાં બ્રિટિશ સરકારને ચેતવી દેવાની શકિતનો અનુભવ કર્યો. તે પછી તેમણે આદિવાસી મુંડા જાતિનું નેતૃત્વ કરી એક એવી જીવનસંહિતા આપી જેના જોરે અન્ય લોકોએ પણ સ્વાતંત્ર્ય અને આત્મગૌરવ માટે અવાજ ઉઠાવ્યો. ઈ.સ.૧૮૯૪માં વરસાદ ન થવાને કારણે છોટા નાગપુરમાં માહામારી અને ભુખમરો ફેલાઈ ગયો. બિરસાએ નિષ્ઠાપુર્વક પોતાના લોકોની સેવા કરી. ઓકટોબર–૧ ૧૮૯૪ના રોજ યુવાન બિરસા વનશુલ્ક માફ કરવાની અરજી લઈને મુંડા લોકોને ચાઈબાસા લઈ ગયા. આ ઘટનાથી તેઓ પોતાની જાતિનાં નેતા તરીકે પહેલી વખત ઉભરી આવ્યા. અંગ્રેજો અને ખાસ કરીને મિશનરીઓ વિરૂદ્ધ કાર્યો કરવાના ગુનામાં ૧૮૯૫માં તેમને બે વર્ષની કઠોર કારાવાસની સજા ફટકારી હઝારીબાગ સેન્ટ્રલ જેલ મોકલી દેવામાં આવ્યા. બાદમાં

બિરસા અને તેમના અનુયાયીઓએ પોતાને દુષ્કાળગ્રસ્ત અને બીમાર લોકોની સેવાનાં કામમાં પેરોવી દીધા અને સંત બની ગયા. ધીમે ધેમી લોકો તેમને ધરતી સબા (ધરતીનાં પિતા) તરીકે સંબોધવા લાગ્યા. એટલું જ નહી, બિરસા ભગવાનના રૂપમાં પુજાવા લાગ્યા. એ પછી ફરી વાર તેમણે અંગ્રેજો વિરૂદ્ધ આંદોલનમાં ઝંપલાવ્યું. તેમણે નારો આપ્યો કે, 'આપણું જ રાજ અને આપણે જ રાજા !" અર્થાત અંગ્રેજી રાણીનું રાજ સમાપ્ત થાઓ અને આપણું શરૂ થાઓ. ૧૮૯૭થી ૧૯૪૭ સુધી મુંડા લોકોનો બ્રિટિશ સરકાર સામે વારેઘડીએ સંઘર્ષ થતો રહયો. ઓગષ્ટ ૧૮૯૭માં તીરકમાનથી સજજ પોતાનાં ૪૦૦ માણસો સાથે લઈ બિરસા મુંડાએ ખુંટી પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો. ૧૮૯૮માં મુંડા લોકોએ તાનગા નદીના કિનારે બ્રિટિશ સૈન્યનો સામનો કર્યો અને તેને પરાજિત કર્યુ. જાન્યુઆરી–૧૯૦૦ માં ડોમબાડી પહાડી ઉપર બિરસાના નેતૃત્વમાં એક નાનકડું યુદ્ધ થયું. તેમાં પણ અનેક મુંડા પુરૂષો, મહિલાઓ અને બાળકો વીરગતિ પામ્યા. બિરસા મુંડાના કેટલાક અનુયાયીઓ પકડાયા પણ ખરા. છેવટે ફેબ્રુઆરી–૩, ૧૯૦૦ માં ચક્રધરપુર વનમાં બિરસા મુંડાની પણ અટક થઈ. જેલમાં તેમના પર અનેક અત્યાચારો થયા અને અંતે ૯ જુન ૧૯૦૦ ના રોજ રાંચીની જેલમાં તેમનું નિધન થયું. જળ, જમીન અને જંગલની રક્ષા માટે તેમણે કરેલો સંઘર્ષ અને અંગ્રેજી મિશનરીઓ વિરૂદ્ધ યુદ્ધ છેડીને વહોરેલી વીરગતિ આજેય કોઈ ભૂલ્યું નથી. ઝારખંડથી લઈને પશ્ચિમ બંગાળ સુધીના આદિવાસી સમાજમાં આજેય બિરસા મુંડા ભગવાન તરીકે પુજાય છે.



# માટલી ભટ્ટ-વાર્તા

બાલ સાહિત્યકાર જીવરામ જોશી, ગુજરાત બાળ સાહિત્યના ભિષ્મપિતામહ ગણાયેલા અને મિયાં ફુસકી તભા ભટ્ટ, છકો-મકો, અડુકીયો-દડુકીઅયો, છેલ-છબો, ગપ્પીદાસ, માનસેન સાહસી વગેરે જેવા અમર પાત્રોના સર્જક શ્રી જીવરામ જોશીએ ધીંગામસ્તીના બાળ કોને ગમે તેવું ઘણું લખ્યું છે તે પૈકીની એક વાર્તા માટલી ભટ રજુ કરી છે.

લાડુ ભટ તો ઘણા હશે. એમની વાતોય તમે ઘણી સાંભળી હશે. પણ માટલી ભટની તોલે કોઈ આવે નહિ. એ લાડુ ખાવા બેસે એટલે થઈ રહયું. કોઈ ધારી શકે નહિ એવા એ લાડુ ખાનાર. જેવો તેવો માણસ તો એમને જમાડી શકે જ નહિ.

લાડુ ખાવના માટલી ભટના પરાક્રમ પણ જેવા તેવા નહિ. કયારેક તો એવું પરાક્રમ કરે કે એ સાંભળીને જ તમે દંગ થઈ જાવ, એમાં ખોટું કશું જ નહિ. તેમ પાછા બુદ્ધિમાં માટલી જેવા નહિ. એમ તો પાકા, ડાહ્યા ને પુરા ચતુર.

મુળ નામ માનશંકર ભટ હતું. એકવાર લાડુ ખાવાની સરસાઈ ચાલી એમાં એમનું નામ માટલી ભટ પડી ગયું.

ઉત્તર ગુજરાતના સિદ્ધપુરમાં એમનું ઘર. જાત્રાનું ધામ એટલે સેંકડો જાત્રાળુ આવે. બ્રાહ્મણોને ઘેર રસોઈ બને જ નહિ. લાડુના જમણ ચાલતાં જ હોય. આજ આ યજમાન જમાડે, તો કાલે પેલો જમાડે.

માનશંકર ભટ જયાં જમવા બેસે, ત્યાં ગણીને જ લાડું મુકી દેવાતા. એ માગે એટલા ખાવા આપે તો તો પાર જ ન આવે. કયારેક તો માનશંકર એટલા લાડુ ખાય કે બીજા માટે કશું વધે નહિ. પછી બીજા બ્રાહ્મણોએ ઠરાવ કર્યો કે, માનશંકર ભટને વીસ લાડુ ગણીને પીરસી દેવા, પછી એમણે માગવા જ નહિ.

એકવાર કોઈ યજમાનને ત્યાં માનશંકર ભટને પણ નોતરૂ મળ્યું. માનશંકર ભટ એમતો પાછા જમવા ય જ જાય. આગલે દિવસે સવારે નોતરૂ મળે તો જ જમવા જાય. આગલો આખો દિવસ અપવાસ કરે. બીજે દિવસે પણ સાંજ સુધી કશું ખાય નહિ. સાંજે લાડુ જમવા બેસે. એકવાર એવું એક નોતરૂ મળ્યું ભટજીએ જમવા જવાની બધી વિધિ પુરી કરી લીધી.

માનશંકર ભટ જમવા ગયા. બ્રાહ્મણોની પંગત બેઠી. યજમાને બધા બ્રાહ્મણોના પગ ધોયા, ચાંદલા કીધાને માન આપ્યાં. બ્રાહ્મણો જમવા બેઠા ને સામે યજમાન પણ બેઠા. બ્રાહ્મણો હોંશે હોંશે જમે એ જોઈ યજમાન રાજી થાય.

પતરાવળી નંખાઈ. શાક, દાળ, ચટણી ને ભજિયાં પીરસાયા. લાડુ પીરસાયા. કોઈને બે, નાનાને એક, બહુ ખાનારને ત્રણ, એમ લાડું મુકયા. પણ માનશંકર ભટની પતરાવળીમાં એક સામટા વીસ લાડુ પીરસાયા. આ જોઈ યજમાનને ભારે નવાઈ લાગી. ઓહો ! આટલા બધા લાડુ ખાઈ શકે ?

યજમાને પીરસનારને બોલાવ્યા. એને પુછયું કે આ મહારાજ આટલા લાડુ જમી જશે ? લાડુ વધારે છે. પંડયા કહે : અરે, એટલા લાડુ તો જોતજોતામાં ચટ કરી જશે.

યજમાન કહે : એમના પેટમાં સમાશે કયાં ? પેટ નાનું ને લાડુ વધારે છે.

પંડયા કહે : પેટ તો છે દોણી જેવડું પણ આ પેલી માટલી પડી છે ને, એ ભરીને લાડુ જમી જાય, એમનું પેટ રબ્બરના ફુગ્ગા જેવું છે.

યજમાનને ભારે નવાઈ લાગી, પવાલા જેવડા પેટમાં માટલી ભરીને લાડુ સમાય કેમ !

યજમાન કહે : એ વાત તો ભઈ મનાય નહિ.

પંડયા કહે : તો વિચાર હોય તો લગાડો શરત માટલી ભરી જમાડીએ. યજમાન કહે : ભલે, આ માટલી ભરીને લાડુ જમાડો.

યજમાન હતા હોંશીલા. બ્રાહ્મણ પેટ ભરીભરીને લાડુ જમે એમાં એમને આનંદ થતો.

પંડયાએ જઈને માનશંકર ભટને કહયું : ભટજી, હમણાં તમે ન જમતા.ભટજી કહે : કેમ ?

પંડયા કહે : આજ તો યજમાનની એવી ઈચ્છા છે કે તમે પેટ ભરીને લાડુ જમો.

ભટજી રાજીરાજી થઈ ગયા.

પંડયા જઈને લાડુની માટલી ભરી લાવ્યા. ભટજીને કહયું કે : આ માટલી એક લાડુ તમારે જમવાના.

ભટજી કહે : પીરસવા માંડો, એમાં શી મોટી વાત છે ?

માટલીમાંથી માંડયા લાડુ પીરસવા. બસ, એક લાડુના બે કકડા, એક કોળિયામાં અરધો લાડુ, પંડયાજી પીરસે છે ને ભટજી જમે છે.

ભટજી જમે છે ને યજમાન રાજી થાય છે. પછી તો વાત જ શી કરવાની ! જોતજોતામાં માટલી પુરી થઈ. ભટજી બધા લાડુ ઉડાવી ગયા.

યજમાન એટલો રાજી થયો, કે બસ, બધા જમી રહયા, ને ઉભા થયા. માનશંકર ભટ ઉભા થાય નહિ. એ તો ત્યાં ને ત્યાં બેસી રહ્યા. બધા બ્રાહ્મણ જાય છે તેમ યજમાન દરેકને એકવીસ રૂપિયા દક્ષિણા આપે છે. યજમાન કહે : 'પણ ભટજી હજી કેમ બેસી રહયા છે ?''

પધારો ભટજી, દક્ષિણા લો.ભટજી કહે : અમારાથી હવે ઉભું થવાય એમ નથી. કોઈ હાથ પકડીને ઉભા કરો.બે બ્રાહ્મણોએ હાથ પકડયા. ઉચકીને ઉભા કર્યા, ત્યારે ભટજી ચાલીને યજમાન પાસે આવ્યા.

યજમાન એવો તો રાજી થયો, કે ભટજીને પગે લાગ્યો. પગે લાગીને રૂા.૨૧ ની દક્ષિણા ઉપરાંત વધુ પાંચ રૂપિયા ભટજીના પગમાં મુકયાં.ભટજી તો એમજ ઉભા રહયા. રૂપિયા લીધા નહિ.

યજમાન સમજયો, કે ભટજીને દક્ષિણ ઓછી પડી. બે રૂપિયા વધારે મુકયા. હાથ જોડીને કહે : ભટજી આ દક્ષિણા લઈ લો, હવે તો રાજી છો ને ?

ભટજી કહા : બહુ રાજી, ઘણા રાજી, તમારૂં કલ્યાણ થાઓ ! યજમાન કહે : તો રૂપિયા લઈ લો.

ભટજી કહે : મારાથી વાંકુ વળાંતુ નથી. રૂપિયા અમારા હાથમાં આપો.

ભટજીનું પેટ એટલું ભરાયેલું, કે વાંકા વળાય એમ નહોતું. વાત ફેલાઈ ગઈ, કે માનશંકર ભટે માટલી ભરીને લાડુ ખાધા. ત્યાર પછી કંઈ વાત થાય તો સૌ એજ ઓળખાણ આપે, કે માટલીવાળા માનશંકર, પછી તો એમ કરતાં માનશંકર ભટને બદલે, 'માટલી ભટ' નામ પડી ગયું.

# લાંબી પુંછડીવાળુ સુંદર પક્ષી દૂધરાજ




દૂધરાજ જેને એશિયન પેરેડાઈઝઢફલાયકેચર તરીકે પણ ઓળ ખવામાં આવે છેલ એ મધ્યમ કદનું પક્ષી છે જે મુખ્યત્વે એશિયા ખંડનું સ્થાનિક રહેવાસી છેઈઆ પક્ષીઓ એકદમ સુંદર છે અને ખાસ કરીને પુખ્ત નરની લાંબી પૂંછડીઓ અને સફેદ ચમકતી પાંખો મુખ્ય છેઈ જેના કારણે પક્ષી નિરીક્ષકો આ પક્ષીને સ્વર્ગનું પક્ષી કહે છેઈ દૂધરાજ પક્ષીનાં નરઢ માદા બંને રંગે બિલકુલ અલગ છેઈ માદા સફેદ અને ભૂખરા રાખોડી રંગની તથા નર ચમકતા સફેદ અને તેના ગળ ા તથા માથાનો રંગ ચમકતો કાળો વાદળી હોય છેઈ માદા કરતાં નર પક્ષી વધારે સુંદર દેખાય છેઈ દૂધરાજ એક મધ્યમ કદનું પક્ષી છે અને આશરે ૨૦ થી ૨૨ સેમી સુધી વધે છે અને તેની પાંખો આશરે ૭ થી ૯ સેમીઈની હોય છેઈઆ પક્ષીઓ વજનમાં હલકાં હોય છેલ પુખ્ત વયના નરનું વજન આશરે ૧૫ થી ૨૨ ગ્રામનું નોંધવામાં આવ્યું છેઈ સર્વભક્ષી તરીકે વર્ગીકૃત હોવા છતાં દૂધરાજ જંતુનાશક છેઈ દૂધરાજ ઘોંઘાટિયાં પક્ષી છેલ જેનો તીક્ષ્ણ સ્ક્રીક અવાજ સાંભળવા મળે છેઈ નર અને માદા બંને પક્ષીઓ માળા બાંધવાલ ઈંડાંનું સેવનલ બચ્ચાંનું રક્ષણ કરવા અને બચ્ચાંને ખવડાવવા જેવી ફરજો બંને નિભાવે છેઈ કપ આકારનું માળ ાનું માળખું સામાન્ય રીતે ઘાસના ઝીણા તણખલાથી બનાવવામાં આવે છેઈ તે માળા અન્ય જીવો ખલેલ ન પહોંચાડી શકે એવી જગ્યાએ બનાવે છેઈ

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧- તે ધ્યાનમાં દેહભાન અને જગતનું ભાન ભૂલાય છે.
૨- જીવ ઈશ્વવરનું ચિંતન કરતાં કરતાં ઈશ્વરમય બને છે. ધ્યાન કરનારો જે સ્વરૂપનું ધ્યાન કરે છે તે ધ્યેયની શકિત ધ્યાનમાં, ધ્યાન કરનારમાં આવે છે.
૩- પ્રેમ અન્યોન્ય ઓય છે. તમે ઠાકોરજીનું સ્મરણ કરશો તો ઠાકોરજી તમને ભૂલશે નહીં.
૪- ભગવાનના ભકતો ભગવાનથી પણ વધે છે.
૫- માતા - પિતા, ગુરુ, અતિથિ, અને સૂર્ય એ ચાર સંસારમાં પ્રત્યક્ષ દેવ છે. તેની સેવા કરજો.
૬- તમારાં માતાપિતાની સેવા કરશો, તો વૃદ્ધવસ્થામાં તમારા બાળકો તમારી સેવા કરશે.
૭- વૃદ્ધાવસ્થામાં શરીર દુર્બળ થાય છે. શરીર સારું છે ત્યાં સુધી બાજી હાથમાં છે.
૮- વૃદ્ધાવસ્થામાં અતિ પાપીને યમદૂત દેખાય છે.
સ્કંધ ચોથો
૯- પાત્ર વગર જ્ઞાન ટકતું નથીં સુપાત્ર વગર જ્ઞાન શોભે નહીં. ધન અને જ્ઞાન પાત્ર વગર શોભતાં નથી.
૧૦- જ્ઞાન ક્રિયાત્મક બને ત્યારે જ એ શાંતિ આપે છે.

# જ્ઞાનમંજરી

## વ્યકિત અને તેનું વ્યકિતત્વ

(૧) ''મારા જેવા અલ્પાત્માને માપવા સારું સત્યનો ગજ કદી ટુંકો ન બનો'' આ ઉકિત કયા મહાન વ્યકિતની છે? - મહાત્મા ગાંધી
(૨) ''ઝાડના થડ ને કાપી નાખો, ડાળો આપોઆપ તુટી પડશે'' આ ઉકિત કોણે કહી હતી?- બાજીરાવ પહેલો
(૩) ''હું માનવી માનવ થાઉ તોય ઘણું'' આ ઉકિત કયા કવીની છે?- સુન્દરમ
(૪) ''કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી'' આ ઉકિત કોણે કહી હતી? - ઈન્દિરા ગાંધી
(૫) ''એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ'' આ પંકિત કોની છે? - અખો
(૬) ભારતમાં અગ્રેજી શિક્ષણની શરૂઆત કોણે કરાવી હતી ? - લોર્ડ મેકોલે
(૭) ભારતમાં રેલ્વેની શરૂઆત કોણે કરાવી હતી ? - લોર્ડ ડેલહાઉસી
(૮) ''જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'' કાવ્યપંકિત કયા કવિની છે? - બોટાદકર
(૯) ''કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે'' કાવ્યપંકિત કયા કવિની છે ? - મણિલાલ ત્રિવેદી
(૧૦)''આરામ હરામ હે'' સુત્ર કોણે આપ્યુ હતું ? - પંડિત જવાહરલાલ નેહરુ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ધરતીની ધૂળને કોંક્રીટની માયા

કહે છે કે, મહાનગરોમાં રોટલો મળે, પણ ઓટલો ન મળે ! ગટરો પરની ઝુંપડપટ્ટીમાં રહેતા કે ફુટપાથ પર ઉંઘ ખેંચતા કરોડો લોકો પોતાનાં ગામડાનાં મોટા ફળિયાવાળા, ફરતા લેલુંબ લીમડાઓ ધરાવતાં, હવા ઉજાસવાળા ખોરડાઓ છોડી જલદીથી પૈસાદાર થવાની લાલચમાં મહાનગરોની મહાભીડમાં જિંદગી ઓગાળી નાખતા હોય છે. તેને બદલે ઓછી જરૂરિયાતવાળું સાદગીસભર જીવન ગામડાની ચોખ્ખી હવામાં જીવતા હોય તો ? તેને બિચારોને કયાં ખબર હોય છે કે મુંબઈમાં કીડીને 'દર' કરવા માટે પણ દલાલની જરૂર પડે છે !

# હસવાની મનાઈ છે

ગબલુનો રીક્ષાવાળો ખુબ ઝડપથી રીક્ષ ચલાવી રહયો હતો. એટલે ગબલુએ કહયું. 'તમે વળાંક વળતી વખતે એટલી ઝડપથી રીક્ષા ચલાવો છો ને કે મને બીક લાગે છે.''

'તુ પણ મારી જેમ કર. એટલે તને બીક નહિ લાગે વળાંક લેતી વખતે હું મારી આંખો બંધ કરી લઉ છું.'' રીક્ષાવાળાએ સમજાવ્યું.

પિતા : નટુ તે, નાના ભોલિયાને મારીને રોવડાવ્યો કેમ ?
નટુ : હું તો એને રોવાની કસરત કરાવતો હતો. મારા ટીચરે આજે સ્કુલમાં શિખડાવ્યું છે કે રોવું એ પણ એક જાતની કસરત છે.

વેઈટ કલ્લુએ જોયું કે સંતુ શેઠે જમ્યા પછી બે ચમચી ખિસ્સામાં મુકી.
કલ્લુએ જોયું ને પુછયું,'' શેઠ, આ શું કરો છો ?''
ભાઈ, 'એ તો ડોકટરે કહયું છે કે રોજ જમ્યા પછી બબ્બે ચમચી લેવી.

ડોકટર : મારી સલાહ મુજબ બારીબારણાં ખુલ્લા મુકીને સુતા હતા ને ?
દર્દી : જી હા, ડોકટર સાહેબ,
ડોકટર : ત્યારે તો તાવ જતો રહયો હશે ?
દર્દી : ના, ના, તાવ તો નથી ગયો, પણ જતાં રહયા ઘડિયાળ, ટી.વી.ટેપને કપડાં !

સંગીતશિક્ષક : તમને તાલની સમજણ છે ? તમને કયો તાલ પ્રિય છે ?
વિદ્યાર્થી : હડતાલ એક દિવસ મુલ્લા નસરૂદીનના ઘરનું બારણું કોઈકે ખખડાવ્યું મુલ્લાજીએ બારણું ઉઘાડયું ને પુછયું, ''શું કામ છે, ભાઈ !'' તે માણસ બોલ્યો, 'મુલ્લાજી, તમારા પડોશમાં લગ્ન છે.'હ મુલ્લાજી ખિજાઈને બોલ્યા. 'તેમા મારે શું ?'
પેલા માણસે કહયું, 'ત્યાં ચર્ચા થતી હતી કે મીઠાઈનો થાળ મુલ્લાજીને ત્યાં મોકલાવી દો.'હ
''તેમા તારે શું ? મુલ્લાજીએ હોઠ ઉપર જીભ ફેરવતા ફેરવતાં જવાબ આપ્યો ને બારણું બંધ કરી દીધું.

# મુકિત

એક શેઠ હતા. તેમને ઘેર એક સંતપુરુષ અવારનવાર અતિથી તરીકે આવતા. શેઠ ઘણી વેળા સંતને કહેતા : મને આ સંસારના બંધનમાંથી છોડાવો, મને મુકત કરો !

સંતપુરુષ તેમને ઉપદેશ આપતા. છતાં શેઠ પોતાની માગણી કર્યા કરતા : 'મને મુકત કરો !'


એક દિવસ ઘરનો એક થાંભલો સજજડ રીતે પકડી રાખીને સંતપુરુષ વાંરવાર શેઠને કહેવા લાગ્યાઃ 'શેઠજી ! મને છોડાવો !' શેઠ કહે : 'તમે તમારી જાતે જ કેમ છોડી દેતા નથી ?' સંતને જવાબ આપ્યો : 'નહિ, તમારે જ મને છોડાવવો જોઈએ !'

શેઠે કહ્યું : 'વાહ ! આ તો ખરી ગમ્મતની વાત ! તમે પોતે જ થાંભલાને પકડી રાખ્યો છે - અને તમે મને તમારી મદદે આવવા બોલાવો છો ?' સંતે થાંભલો છોડી દઈને કહ્યું : 'તમારી વાતનો પણ આવો જ ઘાટ છે. સંસાર તમને વળ ગ્યો નથી-તમે જ સંસારની વળગી રહ્યા છો !'

શેઠ સંતની વાર્તાનો મર્મ સમજી ગયા.

## જીવનનું ગણિત

જીવણલાલ કહે : 'લાખ રૂપિયા નફો થશે આ વર્ષે. વર્ષ સારું ગયું.' કો' કે પૂછયું : 'પણ તબિયતમાં બ્લડપ્રેસર વધ્યું- એને નફો ગણવો કે ખોટ ?' જીગણલાલ કહે : 'મરવાનું બધાને છે જ ને ? છોને બ્લડપ્રેસર વધ્યું, લાખો તો કમાયાને ?'કો'કે હળવેથી પૂછયું : 'જમતી વખતે ઈરછા થાય તે જમી શકો છો ? ' જીવણલાલ કહે : 'ન જ જમાયને ? ડાયાબીટીસ વધ્યો છે. ગળ્યું ખાવા મન થાય પણ ન ખવાય.' કો'કે પૂછયું : 'નિદ્રા આવે છે, બરાબર ?' જીવણલાલનાં શ્રીમતી કહે : 'રાત્રે જાગીને બેઠા રહે છે.' કો'ક સ્વજને પૂછયું : 'તો જીવણલાલ ! શો અર્થ છે, આ લાખ ભેગા કર્યા, તેનો ?' જીવણલાલ કહે : 'અર્થ ખબર નથી, પણ આ ધંધો એ કરોળિયાનું જાળું છે, એકવાર પડયા એટલે પડયા - નીકળ ાતું નથી.'




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

ગુણાકાર-ભાગાકારમાં 'શેષ' પર ધ્યાન જતું નથી. 'શેષ' તો સાવ ક્ષુલ્લક ગણાય ગણિતમાં. પણ જીવનગણિતમાં શેષનું ખૂબ મહત્વ છે. બધો વ્યાપાર કર્યા પછી મનમાં પ્રસન્નતા રહે, એ શેષ છે. બધાં કામો પછી, લોકોને મળવાથી શાંતિ નીપજે, તો એ શેષ છે. સમગ્ર જીવતરને અંતે, લોકો બે સારી વાત યાદ કરે, એ શેષ છે.માણસના જીવનની શરૂઆતમાં સરવાળાનો યુગ આવે છે. બધું ઉમેરવા જ મળ્યા કરે ! પત્ની ઉમેરાય, કમાણી ઉમેરાય, કીર્તિ ઉમેરાય, પચ્ચીસથી ચાળીસ સુધીની ઉમર સરવાળાની ઉમર હોય. માણસને બાદબાકી કરવાની કરવાની ઈરછા જ નથી થતી. બાદબાકીનો વિચાર પણ નથી આવતો ! પછી ગુણાકારની ઉંમર આવે છે. ત્રીસ-પાંત્રીસથી ગુણાકાર શરૂ થાય. જે કર્યુ હોય એનું અનેક ગણું ફળ મળ ે. માણસની રિદ્ધિ -સિદ્ધિની અવસ્થા છે. એ. તે વેળા એ ભાગાકાર વિચારતો જ નથી !

પચાસની ઉંમરે માણસ ભાગાકાર કરવા માંડે. દીકરા-દીકરીનાં લગ્નમાં ખર્ચ થાય. ઘર વસાવવામાં ખર્ચ થાય. પોતાની આવક ભાગીને એ જીવે. ભાગાકાર શકિતનો થાય. પચાસે નવી શકિત કયાંથી આવે? જે છે એમાંથી ખર્ચાતું જાય !

ને સાઠે આવે બાદબાકી. સતા, ધન, કીર્તિ વડે આકર્ષાઈને ને લાભ લેવા જે જે આવતાં, તે હવે બાદ થતાં જાય ! કોઈ અંગત જ બે જણ મળવા આવે. માણસની બાદબાકી માણસને પજવે. એ હૈયાવરાળા કાઢ ે. જમાનો સ્વાર્થનો થતો જાય... માણસ એકલો પડતો જાય.


મને એમ થાય-કોઈપણ ઉંમરે આ ચારેય ક્રિયાઓ : ગુણાકાર, ભાગાકાર, સરવાળા, બાદબાકી- સાથે જ ચાલ્યા કરે, તો માણસ સુખી થાય-પ્રસન્નતા મેળવે. પચાસની ઉંમરે માણસ સ્વાર્થની બાદબાકી કરે. અહમનો ભાગાકાર કરે. ધર્મને કલ્યાણની પ્રવૃતિનો ગુણાકાર કરે, અને અન્યના સુખનો સરવાળો કરે - તો જીવન ભર્યુંભર્યુ બને.

# ચિત્ર વાર્તા....




અહિં દિપક હાઈસ્કુલના વિદ્યાર્થીએ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...

# આ મારું ચિત્ર છે




દાફડા જાન્વી જયંતીભાઈ
(ધોરણ-૬-એ-રૂપાયત સ્કુલ અમરેલી)



રાઠોડ ચિરણ અરવિંદભાઈ
દીપક હાઈસ્કુલ અમરેલી



પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધોરણ-૫- કેરીયા નાગસ પ્રા.શાળા)



આશકા સોલંકી, ધો.૮,
અમદાવાદ

# સાવરકુંડલાનાં માનવ મંદિર અને મનોરોગી બહેનોની રાજુલા આર્ટસ અને કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ મુલાકાત લીધી



સાવરકુંડલા હાથસણી રોડ ખાતે આવેલ માનવ મંદિર પાગલ આશ્રમ ખાતે રહી સારવાર લઈ રહેલી મનોરોગી ની બહેનો મુલાકાત લઈ સંવાદ એચ.બી.સંઘવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ રાજુલાની વિદ્યાર્થીની બહેનો અને અધ્યાપકગણ દ્વારા લેવામાં આવી હતી શ્રીમતી એચ.બી. સંઘવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ રાજુલાની વિદ્યાર્થીની બહેનો અને પ્રોફેસર, બહેનો ભાઈઓ સાવરકુંડલા માનવ મંદિરની મુલાકાતે આવ્યા અને માનવ મંદિરમાં ભક્તિરામ બાપુએ બહેનોના જીવનમાં રસ્તો ચૂકી જતાં શું પરિણામ આવે છે.? તે બાબતે તેમજ માનવ મંદિરની બહેનો અને માનવ મંદિરમાં આપવામાં આવતી સેવા બાબતે વિસ્તૃત માહિતી આપી હતી સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે છેલ્લા ઘણા વર્ષથી રાજુલા રાજકોટ અમરેલીની બહેનો મનોરોગી બહેનોની જીવનચર્યા અને તે સંદર્ભે વિસ્તૃત અભ્યાસ માટે આશ્રમે આવી રહી છે અને માનવ મંદિર આશ્રમ ખાતે મનોરોગીઓ કેમ સાજા થાય છે ? તે અભ્યાસ અને સંશોધનનું કેન્દ્ર પણ બની ગયું છે ત્યારે અત્યાર સુધીમાં ૧૧૮ બહેનો સાજી થઈ અને સમાજમાં પુનઃ સ્થાપિત થઈ છે અહીંયા વિનામૂલ્ય દવા દુવાને હવાના માધ્યમથી પુનઃજીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ ભક્તિરામબાપુ દ્વારા કરાવવામાં આવી રહ્યો છે આ આશ્રમની ખાસ વિશેષતા એ છે કે માનવમંદિરના ભક્તિરામબાપુએ કદી કોઈ ફંડ ફાળા માટે હાથ લંબાવ્યો નથી દાતાશ્રીઓને આ આશ્રમની પ્રવૃત્તિઓ વિશે જાણીને કે જોઈને હ્રદયથી સ્વયંમ દાન આપવાની સ્ફૂરણા જાગે છે.

## સારહિ યુથ કલબના ૨૫ વર્ષ પુર્ણ થતાં કુંકાવાવ ખાતે આગામી રવિવારે વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

### ખોડલધામ સમિતિ અને ગૌ સેવા ધુન મંડળનું આયોજન

કુંકાવાવ, તા. ૧

કુંકાવાવમાં તા. ૩/૩/૨૪ ના રોજ સારહિ યુથ કલબના ૨૫ વર્ષ પુર્ણ તથા ઉજવણીના ભાગરૂપે સુદર્શન નેત્રાલય દ્વારા આપના રોગોનું નિદાન તેમજ નેત્રમણી મોતીયાના ઓપરેશનનો કેમ્પ આગામી રવિવારના રોજ નીલકંઠ મેદાન પટાંગણમાં સવારના ૮ થી ૧૨ સુધી યોજાશે જેમા અમરેલી સુદર્શન નેત્રાલયની ટીમ સેવા આપશે જરૂરતમંદ દર્દીએ લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જયારે સારહિ યુથ કલબ ના હોદેદારો હાજર રહેશે તેમજ સ્થાનીક ટીમ સહયોગમાં રહેશે આમ અનોખી ઉજવળી સારહિ યુથ કલબ દ્વારા કરીને માનવ સેવા એજ પ્રભુ સેવાના સુત્રને સાર્થકતા સાથે કુંકાવાવના પ્રસિધ્ધ નિલકંઠ મંદિર ખાતે નેત્ર નિદાન ઓપરેશન કેમ્પ યોજાશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૫ | ૧૫૪૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૩ | ચણા | ૧૦૧૨ | ૧૦૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૧૮ | ૧૨૭૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૮૬ | ૧૨૯૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૧૫ |
| ૪ | તલ કાળા | ૨૫૯૦ | ૨૭૧૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૨૦ | ૪૦૪૫ |
| ૬ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૫૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૭ | ૫૫૨ |
| ૮ | અડદ | ૧૫૦૦ | ૧૫૬૦ |
| ૯ | ચણા | ૮૦૦ | ૧૧૨૮ |
| ૧૦ | ચણા દેશી | ૧૧૫૦ | ૧૪૭૬ |
| ૧૧ | તુવેર | ૧૪૦૦ | ૧૯૬૨ |
| ૧૨ | કપાસ | ૧૦૦૦ | ૧૬૧૧ |
| ૧૩ | એરંડા | ૧૦૭૦ | ૧૦૯૦ |
| ૧૪ | જીરૂ | ૩૭૦૦ | ૫૦૫૦ |
| ૧૫ | રાયડો | ૮૬૪ | ૯૨૨ |
| ૧૬ | રાય | ૮૨૫ | ૧૧૯૫ |
| ૧૭ | ગમ ગુવાર | ૮૬૦ | ૮૬૦ |
| ૧૮ | ધાણા | ૧૨૯૦ | ૨૦૨૦ |
| ૧૯ | ધાણી | ૧૩૦૦ | ૨૮૩૦ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૨૬ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૩૦ | ૪૧૧૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સેંકડો કોંગી આગેવાનોએ

કનુભાઈ દૂધાત, પ્રવિણભાઈ દુધાત, પરશોતમભાઈ સોજીત્રા, વજુભાઈ વિરડીયા, સુરેશભાઈ બાજરીયા, અશોકભાઈ દુધાત, બાલુભાઈ દોંગા, વિક્રમભાઈ ગઢીયા, ધીરૂભાઈ ગડીયા અનેમથુરભાઈ દુધાતસહિતચાલીસથી પણવધુકોંગ્રેસઆગેવાનોએઆજરોજ જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, મહામંત્રીઓ મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, અમર ડેરીનાચેરમેનઅશ્વિનભાઈસાવલીયા, ભાવેશભાઈ સોઢા, કેતનભાઈ ઢાંકેચા, તુષારભાઈ જોષીસહિતનીઉપસ્થિતિમાં ભાજપ પ્રવેશ કરેલ છે. તેમ જીલ્લા ભાજપની અખબારી યાદીમાં જણાવાયેલછે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૪૦ |
| ૨ | મગફળી | ૧૧૨૫ | ૧૨૧૫ |
| ૩ | ઘઉં | ૪૭૫ | ૪૮૫ |
| ૪ | ચણા | ૧૦૪૯ | ૧૧૨૧ |
| ૫ | ધાણા | ૧૧૮૦ | ૧૭૨૦ |
| ૬ | મેથી | ૧૧૧૫ | ૧૨૪૫ |
| ૭ | જીરૂ | ૪૧૫૦ | ૫૦૫૦ |
| ૮ | તુવેર | ૧૫૧૦ | ૧૮૯૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૨ | ૧૫૭૧ |
| ૨ | ચણા | ૧૦૫૧ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૫૧ |
| ૪ | ઘઉં | ૫૧૨ | ૫૧૨ |
| ૫ | મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | ધાણા | ૧૨૯૮ | ૧૨૯૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૩૦ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૪ | ૧૩૧૩ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૧ | ૨૭૦૧ |
| ૪ | જીરૂ | ૩૮૫૦ | ૫૨૬૧ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૬૪૧ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૦ | ૫૨૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૯૦ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૮૪૨ |
| ૯ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ૧૦ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૧૧ |
| ૧૧ | તુવેર | ૧૪૫૧ | ૧૯૫૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૧૩ | રાય/રાયડો | ૮૮૪ | ૧૨૦૦ |
| ૧૪ | ધાણા | ૧૩૫૧ | ૨૭૦૧ |
| ૧૫ | સોયાબીન | – | ૮૩૧ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી–સાવરકુંડલા માર્ગ વચ્ચે

અંતરમાં માપ સાઈઝ કે ધારા ધોરણ વગરના થોડા થોડા મીટરના અંતરે ચાર ચાર જેટલા સ્પીડ બ્રેકર્સ રાતોરાત બનાવી નાખવામાં આવ્યા હતા. જેના કારણે આ હાઈવે ઉપરથી પસાર થતાં ટુવ્હીલર ચાલકો ધડાધડ પટકાઈ રહ્યા હતા. છેલ્લા વીકમાં બે ગંભીર અકસ્માતોમાં બે પ્રૌઢ મહિલાઓને ગંભીર ઈજાઓ થઈ હતી. આ બાબતે છેલ્લા બે અઠવાડિયાથી અખબારી માધ્યમ તથા સોશ્યલ મીડિયા તમામ પ્લેટફોર્મ ઉપર આ જીવલેણ સ્પીડ બ્રેકર દૂર કરવા સતત અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. આ બાબતે જિલ્લા ઉચ્ચ અધિકારીઓ સહિત રાજય કક્ષાએ ઉચ્ચ અધિકારીઓને પણ વાકેફ કરવામાં આવ્યા હતા. આટલા દિવસોના ઈંતેજાર પછી અંતે આજે સારા સુખદ સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે કે, આ કાળ મુખા ચારેય સ્પીડ બ્રેકર્સ, નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દૂર કરવામાં આવ્યા છે. જેનાથી પસાર થતાં હજારો વાહન ચાલકોએ રાહતનો ાસ લીધો છે અને લોકોમાં એટલી વાતનો સંતોષ છે કે આ સ્પીડ બ્રેકર્સ જીવલેણ બને તે પહેલા હટાવી લેવાયા છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૯૭૦ | ૧૦૮૮ |
| ૩ | અજમા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૪ | ધાણી | ૧૬૨૪ | ૧૬૬૫ |
| ૫ | ધાણા | ૧૨૩૫ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૨ | ૪૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૮૬ | ૫૧૪ |
| ૮ | તુવેર | ૧૫૯૦ | ૧૮૦૦ |
| ૯ | રાય | ૯૩૫ | ૯૩૫ |
| ૧૦ | રાયડો | ૮૯૯ | ૧૦૯૫ |
| ૧૧ | મગફળી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૨ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૧૩ | મેથી | ૮૪૫ | ૮૪૫ |
| ૧૪ | એરંડી | ૧૦૩૦ | ૧૦૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ૩ | તલ પીળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૪ | તલ કાળા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૬૦૦ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૩૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૬૧૧ |
| ૮ | જુવાર | ૬૫૦ | ૮૭૧ |
| ૯ | મેથી | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૧૦ | તુવેર | ૧૦૫૦ | ૧૮૦૦ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૨ | જીરૂ | ૧૮૦૧ | ૪૦૫૦ |
| ૧૩ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૧૩ | ૮૧૩ |
| ૧૫ | ધાણા | ૧૦૪૦ | ૧૬૧૧ |

પાના ૮ ઉપરનું ચાલું

## કરણૂકીમાં વગર મંજૂરીએ પવનચકકીનો

પ્રાંત કચેરી) ની મંજુરી લઈ સ્થાનિક કચેરીઓ દ્વારા જે શરતોએ મંજુરી આપે તે શરતોને બંધનમાં રહી રસ્તા પહોળા કરવાની કામગીરી/રસ્તો ખુલ્લો કરવાની કામગીરી તેમજ વીજપોલ ઉભા કરવાની કામગીરી કરવા હુકમ કરવામાં આવેલ અને મંજૂરી વગર આ પ્રકારની કામગીરી કરી શકશે નહીં તેવું હુકમમાં ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપનીને જણાવેલ. પરંતુ હાલ ગ્રામ પંચાયતની કોઈ પણ પ્રકારની મંજૂરી લીધેલ નથી અને હુકમનો પણ અમલ કરેલ નથી. જો હુકમનો અમલ ન થતો હોય તો તે આ કંપની ગ્રામ પંચાયત તેમજ ગ્રામજનોને કીડી માકોડાની માફક સમજી પોતાનો મન ફાવે તેવો વ્યવહાર ગ્રામજનો અને ગ્રામ પંચાયત સાથે કરે છે.

આમ મનફાવે તેવા વ્યવહાર કરવાથી ગ્રામજનો વતી ગ્રામ પંચાયતે સ્થાનિક લેવલે વારંવાર રજૂઆત કરેલ છે પરંતુ આજ દિન સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી ગ્રામ પંચાયત કરણુકી દ્વારા મામલતદાર , ધારાસભ્ય, નાયબ કલેકટર, કલેકટર અને મુખ્યમંત્રીને પણ લેખિત રજૂઆત આધાર પુરાવા સાથે કરેલ. પરંતુ આવી કંપનીઓને કેમ મનફાવે તેમ વ્યવહાર કરતાં આ સરકાર અને અધિકારીઓ રોકી શકતા નથી. આજ કરણુકી ગામના તમામ ગ્રામજનોને એવું લાગે છે કે કરણુકી ગામની આપવીતી કોઈ કેમ સાંભળ તું નથી. તો અમારૂં ગામ ગુજરાતના નકશામાં છે કે કેમ તેવું લાગી રહ્યું છે અને આવી કંપનીઓ કલેકટરના હુકમને પણ કાગળની રદ્દી સમાન ગણી પોતાની મનમાની કરીને ગમે ત્યાં નુકસાન કરે છે, ગમે ત્યાં રોડ તોડી પાડવામાં આવે છે, વૃક્ષો કાપી નાખવામાં આવે છે, નદીનું પુરાણ કરી રસ્તો બનાવવામાં આવે છે અને આ કંપનીના કોન્ટ્રાકટર ગામલોકોને ધાક ધમકી પણ આપી રહ્યા છે કે જે થઈ રહ્યું છે તે જોયા કરો બાકી સામે પડશો તો તમારા ઉપર ખોટા કેસો કરીને હેરાન કરીશું અને તમો અમોને અને કંપનીવાળાઓને પહોંચી નહીં શકો.


જો તેઓની સામે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો ગ્રામજનોએ તેમજ ગ્રામ પંચાયતે જરૂરી આંદોલન કરવાની ફરજ પડશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૧ | ૧૫૫૩ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૪૩૫ | ૪૬૦ |
| ૪ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| ૫ | તુવેર | ૧૪૬૦ | ૧૬૨૬ |
| ૬ | સફેદ ચણા | ૨૦૫૧ | ૨૦૫૧ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૮ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૯ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |
| ૧૦ | મેથી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૧ | મઠ | ૮૭૫ | ૮૭૫ |
| ૧૨ | ચોળી | ૧૦૭૦ | ૧૦૭૦ |

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતીય સમૂહ લગ્ન પ્રસંગે ગાયત્રી સંસ્કાર ધામ હરિબા મહિલા કોલેજ ગ્રાઉન્ડ, ધારી રોડ ચલાલા ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો શુભારંભ મંગલ દીપના પ્રગટયથી થયો હતો જેમાં સંસ્થાના વડા પૂ.રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, લાલજીદાદા, તથા આવેલા મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આચાર્ય શીતલબેન મહેતા દ્વારા સૌ પ્રથમ રકતદાન કરી બધાને રકતદાન કરવા વધુમાં વધુ રકત એકત્ર કરી જરૂરીયાતમંદ દર્દીઓને ઉપયોગમાં આવે તેવો સંદેશ આપ્યો હતો. સાથે મહેમાનો તથા ચલાલા આજુબાજુના વિસ્તારના લોકો દ્વારા રકતદાન કરી એકત્ર થયેલ રકત શાંતાબા હોસ્પિટલ બ્લડ બેન્ક માં જમા કરવામાં આવ્યું હતું. શાંતાબા હોસ્પિટલ ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી. સર્વેનું સંસ્થાના વડા પૂ.રતિદાદા એ મંત્ર પટા દ્વારા સ્વાગત કર્યુ હતું. સંસ્થા વતી તમામ વ્યવસ્થા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા દ્વારા ગોઠવી આપવામાં આવી હતીં.

### દીપક હાઈસ્કૂલ ખાતે બપોરે ૩:૩૦ કલાકે

# અમરેલી ખાતે આજે શનિવારે સંસ્કૃત અનુરાગિઓનું સંમેલન યોજાશે

## તજજ્ઞો દ્વારા સભાનું ઉદ્‌બોધન કરવામાં આવશે

અમરેલી, તા. ૧

અમરેલીની દીપક હાઈસ્કૂલ ખાતે શનિવાર ર માર્ચનાં રોજ બપોરે ૩:૩૦ થી ૬ સુધી સંસ્કૃત અનુરાગિઓનું સંમેલન યોજાશે.

અમરેલીની સંસ્કૃતપ્રેમી શૈક્ષણિક તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા સંસ્કૃત અનુરાગિઓનું સંમેલન યોજાઈ રહ્યું છે. સંસ્કૃતભારતી આ સંમેલનની સંયોજિકા રહેશે. સંસ્કૃતભારતી સંસ્કૃત ભાષાને જનભાષા બનાવવા ગત ૪૦ વરસથી ભારત તથા વિદેશોમાં સંસ્કૃત–સંભાષણ આંદોલન ચલાવી રહી છે.

સંસ્કૃતભાષા અને ગ્રંથોના વિષયમાં સૌના હૃદયમાં અપાર શ્રદ્ધા અને આદર છે. આવશ્યકતા છે માત્ર આ શ્રદ્ધાને સંસ્કૃત, સંસ્કૃતિ અને સમાજની સેવા–રૂપ ક્રિયામાં પરિણમિત કરવાની. સંસ્કૃતક્ષેત્રમાં ફેલાયેલી ઉદાસીતાને દૂર કરી નવચૈતન્યનો સંચાર કરવા માટે આ વર્ષે સંસ્કૃતભારતી સમગ્ર ભારતમાં સંસ્કૃત અનુરાગિઓનાં વિશાળ સંમેલનો યોજી રહી છે. અમરેલીમાં યોજાનાર જિલ્લા સંસ્કૃત સંમેલન આ જ શૃંખલાનો એક ભાગ છે.

સંમેલનના ભાગરૂપે સંસ્કૃત વિજ્ઞાન પ્રદર્શિની, સંસ્કૃત ગ્રન્થ પ્રદર્શિની, વસ્તુ પ્રદર્શિની, અને મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે અને તજજ્ઞો દ્વારા સભાનું ઉદ્બોધન કરવામાં આવશે.

### આસામના મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા

# કોંગ્રેસનો એજન્ડા ગાંધી પરિવારના ડાયનિંગ ટેબલ પર સેટ થાય છે: હિમંતા બિસ્વા

## કોંગ્રેસની વાત કરો તો તે કાર્યકર્તાઓએ બનાવી નથી, તે ફક્ત તેમના નેતાઓ અને પરિવારની આસપાસ કેન્દ્રિત છે

ગુવાહતી, તા.૧

આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ ગુરુવારે ભારતીય જનતા પાર્ટીની પ્રશંસા કરી અને કોંગ્રેસ પાર્ટીની આકરી ટીકા કરી હતી. બારપેટા જિલ્લાના ચકચકા ખાતે પાર્ટી કાર્યાલયના ઉદ્‌ઘાટનના અવસર પર કોંગ્રેસમાંથી ભાજપના નેતા બનેલા હિમંતા બિસ્વા સરમાએ દાવો કર્યો હતો કે દેશની સૌથી જૂની પાર્ટીનો એજન્ડા ગાંધી પરિવારના ડાયનિંગ ટેબલ પર સેટ થાય છે. તેમણે કહ્યું કે, ભાજપ એક લોકતાંત્રિક પાર્ટી છે જેને તેના કાર્યકરો દ્વારા બનાવવામાં આવી છે પરંતુ જો તમે કોંગ્રેસ અથવા અન્ય પક્ષોની વાત કરો તો તે કાર્યકર્તાઓએ બનાવી નથી. તે ફક્ત તેમના નેતાઓ અને પરિવારની આસપાસ કેન્દ્રિત છે. તેના નિર્ણયો પરિવારના ડાઈનિંગ ટેબલ પર લેવામાં આવે છે અને કાર્યકર્તાઓએ માત્ર તેને ફોલો કરવાનું હોય છે. પરિવારની જરૂરિયાતો પ્રમાણે પાર્ટીની વિચારધારા અને એજન્ડા બદલી નાખવામાં આવે છે.

પોતાના અંગત અનુભવોને યાદ કરતાં સીએમ સરમાએ ઓડિશામાં ભાજપની કારોબારી બેઠકનો કિસ્સો સંભળાવતા કહ્યું કે, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ અને ધર્મેન્દ્ર પ્રધાન જેવા ભાજપના ટોચના નેતાઓ સાથે ખૂબ જ સરળતાથી મુલાકાત કરી શક્યો. પીએમ મોદીએ આ બેઠકમાં બધાની સાથે બેસીને ભોજન કર્યું હતું. અમને કહેવામાં આવ્યું હતું કે ભાજપમાં આ જ રીતે કામ કરવામાં આવે છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, જ્યારે સોનિયા ગાંધીની સાથે એક ટેબલ પર અથવા રાહુલ ગાંધીની બાજુની ખુરશી પર બેસવું અકલ્પનીય છે. કોંગ્રેસમાં મને સોનિયા ગાંધીની સામે તો એ કહેતા પણ ડર લાગતો હતો કે દેશ પહેલા આવે છે અને ગાંધી પરિવાર પછી આવે છે પરંતુ મોદીજી પોતે કહે છે કે દેશ પ્રથમ, પાર્ટી બાદમાં આવે છે અને પરિવાર તો સૌથી છેલ્લે આવે છે. આ ભાજપનો સંગઠનાત્મક આધાર દર્શાવે છે. સીએમ સરમાએ આગળ કહ્યું કે, અમિત શાહ જેવા વરિષ્ઠ નેતા પણ કોઈ હોટલના બદલે પાર્ટી કાર્યકર્તાઓના ઘરે ભોજન કરવામાં ખુશી અનુભવે છે.તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ ૪૦૦થી વધુ બેઠકો જીતશે અને કોંગ્રેસ રીજનલ પાર્ટી બનીને રહી જશે. તેમણે કહ્યું કે, આ ચૂંટણી બાદ કોંગ્રેસનો રાષ્ટ્રીય પાર્ટી તરીકેનો પ્રભાવ ઓછો થઈ જશે. તેઓ તેમની નિષ્ફળતા કેવી રીતે છુપાવશે? કોઈ રાષ્ટ્રીય નેતૃત્વ બાકી નહીં રહેશે અને તે રીજનલ પાર્ટી બનીને રહી જશે.

### પંજાબના તરનતારન જિલ્લાની ઘટના

# પંજાબમાં આપના નેતાની જાહેરમાં ગોળી મારીને હત્યા

## જીવ ગુમાવનાર આપ નેતાની ઓળખ ગુરપ્રીત સિંહ તરીકે થઈ

તરનતારન, તા.૧

પંજાબના તરનતારન જિલ્લામાં આમ આદમી પાર્ટી (આપ)ના નેતાની બદમાશોએ જાહેરમાં ગોળી મારીને હત્યા કરી નાખી છે. હત્યારાઓએ પહેલા આમ આદમી પાર્ટીના નેતાની ગાડીનો પીછો કર્યો અને ત્યારબાદ જ્યારે તેમણે શ્રી ગોઈંડવાલ સાહિબ પાસે રેલવે ફાટક બંધ થવાના કારણે ગાડી રોકી તો હત્યારાઓએ અંધાધૂંધ ફાયરિંગ કરીને હત્યાની ઘટનાને અંજામ આપ્યો જીવ ગુમાવનાર આપનેતાની ઓળખ ગુરપ્રીત સિંહ તરીકે થઈ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોપી ચોહલા સાહિબનો રહેવાસી હતો. આજે સવારે તે પોતાની કારમાં સુલતાનપુર લોધી કોર્ટમાં જઈ રહ્યા હતા. ગુરપ્રીત સિંહની કાર ફતેહાબાદ રેલવે ફાટક પાસે પહોંચી ત્યારે ફાટક બંધ હતું. આ દરમિયાન જ સ્વીફ્ટ કારમાં સવાર હુમલાખોરો પહેલાથી જ તેમનો પીછો કરી રહ્યા હતા. આ હત્યારાઓએ જાહેરમાં જ ગુરપ્રીત સિંહ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું. હુમલામાં ગુરપ્રીત સિંહનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું.

આ ઘટનાનેઅંજામ આપ્યા બાદ હુમલાખોરો ઘટના સ્થળેથી ભાગી ગયા હતા.

મૃતક ગુરપ્રીત સિંહ વિધાનસભા હલકા ખડૂર સાહિબથી ધારાસભ્ય મનજિંદર સિંહ લાલપુરાના ખૂબ નજીકના વ્યક્તિ હતા.
આ ઘટના બાદ પોલીસ ઘટના સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી છે.

તરનતારનના એસપી અશ્વિન કપૂરે જણાવ્યું કે, મૃતકને પાંચ ગોળીઓ લાગી છે.

### ગઠબંધનના પક્ષોની ચૂંટણીની તૈયારી જોરમાં

# મહારાષ્ટ્રમાં પણ ઉદ્ધવ-પવાર અને કોંગ્રેસ વચ્ચે બેઠકની વહેંચણી

## ઉદ્ધવ ઠાકરે જૂથ ૨૦ સીટો પર, કોંગ્રેસ ૧૮ તથા શરદ પવારની એનસીપી ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે

નવી દિલ્હી, તા.૧

જેમ જેમ લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ઈન્ડિયા ગઠબંધનમાં રાજકીય પક્ષોની તૈયારીઓ ઝડપથી આગળ વધી રહી છે. આ દરમિયાન મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીને લઈને પણ મોટા સમાચાર આવ્યા છે. માહિતી અનુસાર લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી સીટ વહેંચણીને લઈને ઉદ્ધવ ઠાકરેની શિવસેના, શરદ પવારની એનસીપી, પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી અને કોંગ્રેસ વચ્ચે સમજૂતી થઈ ચૂકી છે.
અહેવાલો અનુસાર ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના ૨૦ સીટો પર જોકે કોંગ્રેસ ૧૮ તથા શરદ પવારની એનસીપી ૧૦ બેઠકો પર લોકસભા ચૂંટણીમાં પોત પોતાના ઉમેદવારોને મેદાને ઉતારવા સહમત થઈ ગયા છે. જોકે આ મામલે હવે ઔપચારિક જાહેરાત જ થવાની બાકી છે. શિવસેના સાંસદ સંજય રાઉતે કહ્યું કે મહાવિકાસ અઘાડી ગઠબંધન વચ્ચે સીટ શેરિંગ અંગે ચર્ચા લગભગ ફાઈનલ થઈ ગઈ છે. જલદી જાહેરાત કરીશું. પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી અમારા માટે મહત્ત્વપૂર્ણ છે. તેના વગર સીટ શેરિંગ શક્ય નથી. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં ૪૮ લોકસભા બેઠકો છે.

# લીલીયા મોટા : મામલતદાર મારડિયા નિવૃત થતા વિદાયમાન અપાયું



લીલીયા, તા. ૧

લીલીયા મોટા ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા એમ.આર.મારડીયા વય નિવૃત્તિ થતા લીલીયા મામલતદાર કચેરીએ વિદાય સમારંભ ગોઠવામાં આવેલ જેમાં મહેસુલ તપાસણી કમિશનર ના નાયબ કલેકટર અઘેરાના અધ્યક્ષ સ્થાને મામલતદાર મારડિયાનો વિદાય સમારંભ યોજાયો મામલતદાર મારડિયા ટૂંકા દિવસોમાં જ લીલીયા તાલુકાની જનતા ના પ્રશ્નોને ત્વરિત ઉકેલ લાવવા માટે એક્શન મોડમાં હતા જેમાં રેશનકાર્ડ,આધારકાર્ડ, વિવિધ સહાય,તેમજ જમીનના વિવિધ કામો ત્વરિત કરાવી લીલીયા તાલુકાની જનતામાં એક અદકેઢું સ્થાન પ્રાપ્ત કરેલ હોય ત્યારે આજે પોતે મામલતદાર મારડિયા પણ લીલિયાની જનતા અને સ્ટાફ કર્મચારીઓ થી વિખુટા પડતા ભાવુક થયેલ અને પોતે એક કોમન મેન જેવું જીવન જીવતા હોવાથી નાનામાં નાનો માણસ પણ ઉભા રાખી અને કામ ચિંધી શકતો આવા કોમળ સ્વભાવના અધિકારી આજરોજ નિવૃત્ત થતા લીલીયા તાલુકાની જનતાને ખૂબ મોટી ખોટ પડશે અને આવા સારા અધિકારીના લીલીયા તાલુકાની જનતામાં સદાય સંભારણા રહેશે આ તકે મહેસુલ તપાસણી કમિશનરના મામલતદાર રાવળ સાહેબ તથા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી સહિત ના મામલતદાર કચેરી લીલીયા મોટાનો સ્ટાફ ઉપસ્થિત રહી વિદાયમાંન આપવામાં આવેલ તેમ ઈમરાન પઠાણ ની યાદી માં જણાવેલ છે.

# બાબરાનાં પોલીસ વિભાગ દ્વારા વાહનોનુ ચેકિંગ કરાયું





બાબરા, તા. ૧

બાબરા શહેરના વિવિધ માર્ગો પર પેટ્રોલિંગ અને વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું.

બેંગ્લોર ખાતે આજે કાફેમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશનનાં પીઆઈ સી.એસ. કુગસિયા તથા પીએસઆઈ એ.એમ. રાધનપરા ને પોલીસ સ્ટાફ દ્વારા ભીડભાડ વાળી જગ્યામાં પેટ્રોલિંગ કરવામાં આવેલ તેમજ વાહન ચેકિંગ કરવામા આવેલ સરદાર સર્કલ, દયારામ સર્કલ, અમરપરા બસ સ્ટેન્ડ સહિત વિસ્તારોમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરી વાહનોને ચેક કરવામાં આવ્યા હતા.

### હિમાચલનીઘટનાથી કોંગ્રેસમાં ખળભળાટ

# હિમાચલના ઓપરેશનમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરનો હાથ

## અમરિંદરસિંહે ઉત્તર ભારતમાં એકમાત્ર કોંગ્રેસ સરકારને પણ તોડી પાડવા માટે ભાજપ વતી મોરચો સંભાળ્યો હતો

નવી દિલ્હી, તા.૧

સુખવિન્દર સિંહ સુક્ખુ હાલમાં હિમાચલ પ્રદેશમાં પોતાની સરકાર બચાવવામાં સફળ રહ્યા છે, પરંતુ રાજ્યસભામાં કારમી હાર અને પછી સરકાર પર સંકટની બંને ઘટનાઓએ કોંગ્રેસ હાઈકમાન્ડને હચમચાવી મૂક્યું હતું.

આ પર્વતીય રાજ્યમાં રાજકીય કટોકટી સર્જવા પાછળ કોનો હાથ હતો અને કોણ હતું માસ્ટરમાઈન્ડ તે અંગે સૂત્રો દ્વારા જે ચોંકાવનારું નામ જણાવાઈ રહ્યું છે તે ખરેખર તમને પણ ચોંકાવશે. સૂત્રોનું કહેવું છે કે આ સમગ્ર ઓપરેશન પાછળ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનો હાથ હતો.

તેમણે ઉત્તર ભારતમાં એકમાત્ર કોંગ્રેસ સરકારને પણ તોડી પાડવા માટે ભાજપ વતી મોરચો સંભાળ્યો હતો. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને પટિયાલાના રાજવી પરિવારના સભ્ય કેપ્ટન અમરિંદર સિંહ હિમાચલ પ્રદેશના રાજવી પરિવાર સાથે જોડાયેલા છે. આ પરિવાર પ્રતિભા સિંહ અને વિક્રમાદિત્ય સિંહનો છે. પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પુત્ર અને વર્તમાન કોંગ્રેસ સરકારમાં મંત્રી વિક્રમાદિત્ય સિંહે પોતાની જ સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો અને રાજીનામું આપવાની ધમકી આપી હતી. વીરભદ્ર સિંહની પાંચ દીકરીઓમાંથી એકના લગ્ન કેપ્ટન અમરિંદર સિંહના દીકરીના દીકરા સાથે થયા છે.
અપરાજિતા સિંહના લગ્ન કેપ્ટન અમરિંદર સિંહની પુત્રી જય ઈન્દર કૌરના પુત્ર અંગદ સિંહ સાથે થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેપ્ટન અમરિન્દર સિંહને હિમાચલના રાજવી પરિવાર સાથેના સંબંધોને કારણે આ ઓપરેશનની જવાબદારી સોંપવામાં આવી હતી.એક વ્યક્તિએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "પંજાબના પૂર્વ મુખ્યમંત્રી હોવાના કારણે અને હિમાચલના રાજવીઓ સાથે સંબંધ ધરાવતા હોવાથી, તેઓ આ ઓપરેશન માટે ભાજપ માટે એક આદર્શ પસંદગી બન્યા હતા." સૂત્રોએ જણાવ્યું હતું કે અમરિન્દર સિંહે રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપની તરફેણમાં મત આપનારા કોંગ્રેસના છ ધારાસભ્યોને હેલિકોપ્ટરની વ્યવસ્થા કરવામાં વારંવાર મદદ કરી હતી. કોંગ્રેસના છ ધારાસભ્યોને મતદાનના દિવસે ત્રણ અપક્ષ ધારાસભ્યો સાથે હરિયાણા લઈ જવામાં આવ્યા હતા.

# જાફરાબાદ શહેરમાં જુદી જુદી સ્કૂલ ખાતે વિદ્યાર્થી માટે માનસિક રોગ શિબિર યોજાઈ



અમરેલી, તા. ૧

માનસીક આરોગ્ય માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ અમરેલી જિલ્લા એન.સી.ડી. સેલ અને માનસીક આરોગ્ય વિભાગ, જનરલ હોસ્પિટલ તથા અભિમાન સેવા ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લાની જુદી જુદી સ્કૂલ/કોલેજના વિદ્યાથીને માનસીક રોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા માનસિક તણાવ બાબતે ગંભીરતાથી ચાલવા માંગતી હોઈ અને આ બીમારીમાં સંપડાયેલા લોકો હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર મળે અને લોકો આ બાબતે જાગૃત બને તેવા અભિગમ સાથે હાલ માર્ચમાં વિદ્યાર્થીને માનસિક તણાવ અને વિદ્યાર્થીને માનસિક રોગો વિષે વિસ્તૃત માહિતી આપી. તાલીમાર્થીને જોગડીયા અશ્વિનભાઈ તથા અભિયાન સેવા ટ્રસ્ટમાંથી એ.આઈ. લાખાણીએ માનસિક રોગો વિષે માર્ગદર્શન આપેલ અને બધા વિદ્યાર્થીને શપથ પણ લેવડાવેલ કે ''જીવનમાં કયારે પણ નાશી પાસ થઈસ નહી, હતાશ થઈસ નહી અને જિંદગીં ટૂંકાવાના, આપઘાતના વિચારો કરીશ નહી'' શપથ લીધેલ હતા. જેમાં સંકુલના પ્રિન્સીપાલ તથા સ્ટાફ અને અમરેલી સિવીલ હોસ્પિટલના સિવિલ સર્જન, એનસીડી સેલના અધિકારી સતાણી તેમજ કર્મચારીઓએ હાજરી આપી અને અભિયાન સેવા ટ્રસ્ટના પ્રમુખ આર.એચ. ચૌહાણ વગેરે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ અભીમાન સેવા ટ્રસ્ટ દ્વારા લોકો આ બાબતે જાગૃત બને તેવું એક અભીયાન અમરેલી જિલ્લાના દરેક ગ્રામ્ય કક્ષાએ અને શહેર લેવલે ચલાવામાં આવે છે.

### "અમરેલી એકસપ્રેસ"માં અહેવાલ પ્રસિધ્ધ થતા

# કુંકાવાવામાં ૨૦ દિવસ બાદ યુધ્ધનાં ધોરણે સફાઈ કાર્ય શરૂ કરવામાં આવ્યું

## ગામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો

કુંકાવાવ, તા.૧

કુંકાવાવામાં પંચાયત અને સફાઈ કામદારો વચ્ચેથયેલ ગેરસમજ દુર ગતા આજથી સફાઈ કામદારોએ પોતાનુ કાર્ય શરૂ કરેલ છે જયારે ટેકનીકલ મુદાની ગેરસમજ દુરથતા સુખદ સમાધાન થયું છે ત્યારે પંચાયત અને સફાઈ કામદાર વચ્ચે ગતરાીના બેઠક યોજાઈ હતી અને આ મામલો માત્ર પંચાયતઅને સફાઈ કાદારોનો હતો જેમા બીન જરૂરી દખલગીરીના કારણે મામલો ગુંચવાયો હતો જેનો સચોટ અહેવાલ અમરેલી એકસપ્રેસ દૈનિકમાં પ્રસિધ્ધ થતા બંને પોતાની જવાબદારી સમજીને અરસ પરસ સમજુતીથી મધ્યસ્થી વગર મામલો તપાવતા લાબા સમયની હડતાલમાં જોડાયેલા કર્મચારીઓ ફરી કામે ચડયા હતા આ ૨૫ દિવસ બાદ સફાઈ કાર્ય શરૂ થતા ગામના આગેવાનો સહીત સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો છે. આમ તમામ વિવાદ બિન સરતી બંને તરફથી જતો કરતા સુખદ અંત આવેલ અને સમાધાન થતા ગામ લોકોએ પંચાયત અને સફાઈ કામદારોએ ગામના હિતમાં ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું હતુ.

### પ.બંગાળમાં ૭૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટોના ઉદઘાટન

# અમારી સરકારની દિશા, નીતિઓ અને નિર્ણય બધું જ યોગ્ય છે: મોદી

## સંદેશખાલી કેસ મુદ્દે ઈન્ડીયા ગઠબંધન ચુપ છે, જેના કારણે આખો દેશ દુ:ખી છે : વડાપ્રધાન મોદીના પ્રહાર

કોલકાતા, તા.૧

પશ્ચિમ બંગાળની મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ આજે આરામબાગમાં ૭૨૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેકટોનું ઉદઘાટન, શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે, ૨૧મી સદીનું ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આપણે બધાએ મળીને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવાનું લક્ષ્ય નિર્ધારીત કર્યું છે. અમારી સૌપ્રથમ પ્રાથમિકતા ગરીબ ખેડૂતો, મહિલાઓ તેમજ યુવાઓ છે. સંબોધન દરમિયાન તેમણે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર આકરા પ્રહારો કર્યા છે. હાલ રાજ્યમાં સંદેશખાલી કેસ મામલે રાજ્યમાં ભાજપ અને ટીએમસી શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે આ મામલે પીએમ મોદીએ આક્ષેપ કર્યો છે કે, 'સંદેશખાલી કેસ મુદ્દે ઈન્ડી ગઠબંધન ચુપ છે, જેના કારણે આખો દેશ દુ:ખી છે. તેમના નેતાઓના આંખ-કાન-નાક અને મોઢું ગાંધીજીના ત્રણ બંદરોની જેમ બંધ છે.' વડાપ્રધાન મોદીએ સંબોધનમાં કહ્યું કે, 'અમે ગરીબોના કલ્યાણ માટે લીધેલા પગલાઓ આજે આખી દુનિયા જોઈ રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં લગભગ ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા, જે દર્શાવે છે કે, અમારી સરકારની દિશા, નીતિઓ અને નિર્ણય બધુ જ યોગ્ય છે. છેલ્લા ૧૦ વર્ષમાં પશ્ચિમ બંગાળમાં ૧૫૦થી વધુ નવી ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવી. અહીં પાંચ નવી વંદે ભારત એક્સપ્રેસ બંગાળના લોકોને રેલવે યાત્રાનો નવો અનુભવ કરાવી રહી છે. મને વિશ્વાસ છે કે, બંગાળના લોકો સહયોગ આપી વિકસીત ભારતનું સંકલ્પ પૂર્ણ કરવામાં મદદ કરશે.' આ ઉપરાંત તેમણે સંદેશખાલી વિવાદ મામલે ઈન્ડિયા ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, 'ટીએમસીના કારણે રાજ્યમાં અત્યાચાર અને ભ્રષ્ટાચારમાં વધારો થયો છે. હાલ દેશ વિકાસ કરી રહ્યો છે, ત્યારે આખો દેશ બંગાળની સ્થિતિ પણ જોઈ રહ્યો છે. માતા, માટી અને માનવતાનો ઢોલ પીટનાર ટીએમસીએ સંદેશખાલીની બહેનો સાથે જે કર્યું, તે જોઈ આંખો દેશ દુઃખી અને આક્રોશમાં છે.

તેમણે કહ્યું કે, 'મમતા દીદી એ અને ટીએમસીના લોકોએ આરોપીને બચાવવા તમામ પ્રયાસો કર્યા. ભાજપા લોકોએ મહિલાઓને બચાવવા દંડા ખાધા અને મુસીબતનો સામનો કર્યો. આ દબાણના કારણે આરોપીઓને ધરપકડ કરવી પડી. ટીએમસીનો આ ગુનેગાર લગભગ બે મહિનાથી ફરાર રહ્યો. તેને બચાવના કોઈ તો હશે જ.' વડાપ્રધાન મોદીએ ત્યાં ઉપસ્થિત જનમેદની પૂછ્યું કે, 'શું તમે આવી ટીએમસીને માફ કરશો?' વડાપ્રધાને વધુમાં કહ્યું કે, 'માતાઓ અને બહેનો સાથે જે થયું, શું તમે તેનો બદલો લેશો કે નહીં ? બંગાળની જનતા મુખ્યમંત્રી દીદીને પૂછી રહી છે. શું કેટલાક લોકો મત તમારા (મમતા બેનરજી) માટે બંગાળની મહિલાઓ કરતા વધુ મહત્ત્વના થઈ ગયા છે. તમને શરમ આવવી જોઈએ. ઈન્ડી ગઠબંધનના નેતાઓ સંદેશખાલીની ઘટના મુદ્દે ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ આંખ-નાક-કાન-નાક-મોઢું બંધ કરીને બેઠા છે.'

### આગાહીના કારણે સવારે પથી ૮ સુધી જ હરાજી કરવામાં આવે છે

# માવઠાના સંકટ વચ્ચે માર્કેટ યાર્ડે ખેડૂતોને પાક ખુલ્લામાં ન ઉતારવા આપી સૂચના

અમદાવાદ, તા.૧

હવામાન વિભાગે રાજ્યમાં બે દિવસની વરસાદની આગાહી કરી છે. ત્યારે રાજકોટ માર્કેટ યાર્ડ ચાંપતા પગલા લઈ રહ્યું છે. માર્કેટ યાર્ડના સત્તાધીશોએ વેપારીઓ અને ખેડૂતોને ખુલ્લી જગ્યાએ જણસી ન ઉતારવા સૂચના આપી છે. ખેડૂતોને સૂચના અપાઈ છે કે તેઓ પોતાનો પાક પ્લેટફોર્મ પર ઉતારે જેથી વરસાદમાં પાક પલળવાનું જોખમ ન રહે. આ સાથે વરસાદની આગાહીના કારણે સવારે પથી ૮ સુધી જ હરાજી કરવામાં આવે છે. આ સાથે માર્કેટ યાર્ડમાં પાકનો ભરાવો ન થાય તે માટે મરચાના પાક માટે ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સૌરાષ્ટ્ર તેમજ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે ભાવનગર, રાજકોટ, ડાંગ,વલસાડ સહિતના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યોછે.

## ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપની કોઈ નિયમોને ગણકારતી નથી

# લ્યો બોલો : કરણૂકીમાં વગર મંજૂરીએ પવનચક્કીનો ધમધમાટ ?

વીજ ઉત્પાદનનાં ક્ષેત્રમાં વિકાસની આંધળી દોટનાં કારણે ખેતીલાયક અને સરકારી જમીનની હાલત બગડી રહી છે

પર્યાવરણ, જાહેરમાર્ગો, પશુ–પક્ષીઓ સહિત સૌની અવગણના કરતી કંપની સામે કાર્યવાહી જરૂરી

ગામજનોએ સરપંચ અને સદસ્યોને રજૂઆત કરી ન્યાય અપાવવા માંગ કરી

ઉચ્ચ અધિકારીઓ નિયમોનું પાલન ન કરાવે તો ગામજનોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરા તાલુકાના કરણુકી ગામે ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપનીને વિન્ડ મીલ ઉભી કરવાની કોઈ પણ જાતની પરવાનગી ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલ નથી. આમ છતા કરણુકી ગામે આવેલ કરણુકી નદી નામે ઓળખાતી નદીમાં ગેરકાયદેસર માટી નાખી નદી પુરાણ કરી દીધેલ છે અને જે માટી ગૌચર જમીનમાંથી તથા સરકારી ખરાબાની જમીનમાંથી ગેરકાયદેસર ઉપાડી લઈ ખનીજ તથા માટી ચોરી કરેલ છે. જે બાબતે ગ્રામજનો ધ્વારા ગ્રામ પંચાયતમાં રજુઆત કરવામાં આવતા સરપંચ સહિતના સભ્યો કરણુંકી ગામે કામ કરી રહેલ ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપનીનાં જવાબદાર માણસો તથા કોન્ટ્રાકટરોને ખનીજ ચોરી નહી કરવા તથા ગૌચર, સરકારી જમીનને નુકસાન નહી કરવા અને ગ્રામજનોનાં સીમવાડીઓનાં રસ્તાઓને નુકસાન નહી કરવા તથા ગ્રામ પંચાયત દ્વારા પવનચકકી ડેવલોપીંગ માટે મંજુરી આપેલ ન હોય પવનચકકી ઉભી નહી કરવા વિગેરે બાબતે સમજાવેલ. પરંતુ ગ્રામ પંચાયતની વાત માનેલ નહી અને જેઓએ પોતાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે અને ગામ સીમમાં હેવી વાહનો ગેરકાયદેસર રીતે ચલાવી નિયમો વિરૂધ્ધ તેમજ જરૂરી પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદેસર કામ કરી રહેલ હોય જેથી તાત્કાલીક જેઓની સામે ધોરણસર થવા અને આ પવનચકકીની કામગીરી અટકાવવા માંગ થઈ છે.

નાયબ કલેકટરના હુકમ મુજબ જમીનોમાં જે–તે અધિકૃત કંપની દ્વારા આવી કામગીરી કરવા સ્થાનિક કચેરી (સંબધિત ગ્રામ પંચાયત, મામલતદાર કચેરી તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### જાહેર સ્ટ્રીટલાઈટ ફોડી નાખવા બાબતે માથાકૂટ

## વડિયાનાં બરવાળા બાવીશી ગામનાં સરપંચ પતિને મારી નાખવાની ધમકી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧

વડીયા તાલુકાના બરવાળા બાવીશી ગામે રહેતા અરવિંદભાઈ વિરજીભાઈ ડોબરીયાના પત્નિ હાલ ગામના સરપંચ હોય અને આજથી બે વર્ષ પહેલા તે જ ગામે રહેતા આરોપી લાલો ઉર્ફે નિમર્લ મહેશભાઈ વાળાએ ગામની બજારની જાહેર સ્ટ્રીટ લાઈટ ફોડી નાખેલ હોય. જે બાબતનું મન દુઃખ રાખી આરોપીએ પોતાના મોબાઈલ ફોન ઉપરથી સરપંચના પતિના ફોનમાં ફોન કરી ગાળો આપી ત્યારબાદ તુર્ત જ આરોપી પોતાના હાથમાં છરી લઈ સરપંચ પતિના રહેણાંક મકાનમાં મુખ્ય ડેલા બહાર જાહેર બજારમાં આવી અને ગાળો આપી બાદમાં સરપંચના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અને સરપંચ પતિને ભય બતાવી અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ દરમ્યાન આરોપીના પિતા મહેશભાઈ મેરાભાઈ વાળા તથા આરોપીનો નાનો ભાઈ સુરજ મહેશભાઈ વાળા પણ સરપંચના મકાનના ફળીયામાં પ્રવેશ કરી અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે.


LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭



શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ–અમરેલી સંચાલિત

ક્રિષ્નાબેન મુકેશભાઈ જાની કોલેજ ઓફ નર્સિંગ

જેસીંગપરા, ધારી રોડ – અમરેલી

નીચે મુજબની નર્સિંગ કોલેજમાં ખાલી પડેલ જગ્યાઓ માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત લાયકાત અને અનુભવનાં પ્રમાણપત્રોની નકલ સાથે અરજી કરવી

| | | |
|---|---|---|
| 1 | પ્રિન્સીપાલ-૦૧ | એમ.એસ.સી.નર્સિંગ સાથે ૧૫ વર્ષનો અનુભવ, જેમા ૧૨ વર્ષનો શૈક્ષણિક અનુભવ. |
| 2 | વાઈસ પ્રિન્સીપાલ-(૦૧) | એમ.એસ.સી.નર્સિંગ સાથે ૧૨ વર્ષનો અનુભવ, જેમા ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ. |
| 3 | પ્રોફેસર-(૦૧) | એમ.એસ.સી.નર્સિંગ સાથે ૧૦ વર્ષનો અનુભવ, જેમા ૭ વર્ષનો શૈક્ષણિક અનુભવ. |
| 4 | એસોસિયેટ પ્રોફેસર-(૦૭) | એમ.એસ.સી.નર્સિંગ સાથે ૦૮ વર્ષનો અનુભવ, જેમા ૦૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ. |
| 5 | આસિસ્ટન્ટ પ્રોફેસર-(૦૫) | એમ.એસ.સી.નર્સિંગ સાથે ૦૩ વર્ષનો અનુભવ, |
| 6 | ટ્યુટર-(૧૨) | એમ.એસ.સી.નર્સિંગ અથવા બી.એસ.સી.નર્સિંગ અથવા પોસ્ટબેઝીકબી.એસ.સી.નર્સિંગ સાથે ૦૧ વર્ષનો અનુભવ. |
| 7 | ગ્રંથપાલ - (૦૨) | એમ.લીબ/બી.લીબ. |

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાનાં દીન-૧૫(પંદર)માં નીચેના સરનામે રજીસ્ટર એ.ડી.થી અરજી કરવી.

અરજી કરવાનું સરનામું
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ – અમરેલી સંચાલિત
ક્રિષ્નાબેન મુકેશભાઈ જાની કોલેજ ઓફ નર્સિંગ
જેસીંગપરા, ધારી રોડ–અમરેલી – ૩૬૫૬૦૧, મો.૯૪૨૨૨ ૨૯૨૯૧



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
બાળરોગ વિભાગ
અમરેલીની જૂની અને જાણીતી હોસ્પિટલમાં હવે PM-JAY યોજના અંતર્ગત નવજાત શિશુથી માંડીને 15 વર્ષ સુધીના બાળકોની મફત સારવાર ઉપલબ્ધ
હવે સલાહ લો
વધારે માહિતી માટે 9978966629
ડૉ.કલ્પેશ વઘાસિયા
બાળરોગ નિષ્ણાંત



આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)